“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue-300 | AD - 2025, Sravan Sud-09 | Sunday, Dt.03-08-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેન્દ્ર સરકારે પ્રધાન મંત્રી ધન ધન્ય કૃષિ યોજના નામની બીજી નવી યોજનાની મંજૂરી આપી

# દીકરીઓને સિંદુરનો બદલો લેવાનું વચન આપ્યું હતું તે પૂર્ણ થયું : મોદી

(એચ.એસ.એલ),વારાણસી,તા.૨

પીએમ નરેન્દ્ર મોદીએ શનિવારે વારાણસીમાં પહેલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે મારા કાશીના માલિક કાશીના લોકો છે, ભલે તે શ્રાવણ મહિનો હોય, કાશી હોય, દેશભરના ખેડૂતો સાથે જોડાવાથી મોટી તક શું હોઈ શકે. આજે હું ઓપરેશન સિંદૂર પછી પહેલી વાર કાશી આવ્યો છું. ૨૨ એપ્રિલે પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો, ૨૬ નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. તેમના પરિવારોનું દુઃખ, તે બાળકોનું દુઃખ, દીકરીઓનું દુઃખ, મારું હૃદય ખૂબ જ પીડામાંથી પસાર થયું. ત્યારે હું બાબા વિશ્વનાથને પ્રાર્થના કરી રહ્યો હતો કે તેઓ બધા પીડિત પરિવારોને આ દુઃખ સહન કરવાની હિંમત આપે.

તેમણે વધુમાં કહ્યું કે મારી દીકરીઓના સિંદૂરનો બદલો લેવાનું મેં જે વચન આપ્યું હતું તે પણ પૂર્ણ થયું છે. આ ફક્ત મહાદેવના આશીર્વાદથી જ પૂર્ણ થયું છે. હું ઓપરેશન સિંદૂરની સફળતાને તેમના ચરણોમાં સમર્પિત કરું છું.

વારાણસીમાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે ૧૪૦ કરોડ દેશવાસીઓની એકતા ઓપરેશન સિંદૂરની તાકાત બની. ઓપરેશન સિંદૂર સૈનિકોની બહાદુરીની તે ક્ષણ હતી અને આજે મને ખેડૂતોને સલામ કરવાનો મોકો મળ્યો છે. આજે કાશીમાં એક વિશાળ કિસાન ઉત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે મોદીનો વિકાસનો મંત્ર છે - ’વ્યક્તિ જેટલો પછાત હશે, તેને તેટલી જ વધુ પ્રાથમિકતા મળશે’. આ મહિને



કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના નામની બીજી નવી યોજનાને મંજૂરી આપી છે. ખેડૂતોના કલ્યાણ માટે આ યોજના પર ૨૪ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. જે જિલ્લાઓ પાછલી સરકારોની ખોટી નીતિઓને કારણે વિકાસના માર્ગમાં પાછળ રહી ગયેલા છે, પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના તે જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. પીએમ મોદીએ કિસાન સન્માન નિધિનો ૨૦મો હપ્તો બહાર પાડ્યા બાદ આ વાત કહી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે પીએમ કિસાન સન્માન નિધિના રૂપમાં દેશના ૧૦ કરોડ ખેડૂત ભાઈ-બહેનોના ખાતામાં ૨૧ હજાર કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે. જ્યારે કાશીમાંથી પૈસા જાય છે, ત્યારે તે આપમેળે પ્રસાદ બની જાય છે. પીએમએ કહ્યું કે આજે કાશીમાં ૨ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે. બાબાના આશીર્વાદથી કાશીમાં વિકાસનો અવિરત પ્રવાહ માતા ગંગાની સાથે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાને કહ્યું કે દેશના લોકોએ સ્વદેશીનો સંકલ્પ લેવો જોઈએ. આપણે એવી વસ્તુઓ ખરીદીશું જે બનાવવા માટે ભારતે પરસેવો પાડ્યો છે. આપણે વોકલ ફોર લોકલ મંત્ર અપનાવવો પડશે. ચાલો આપણે પ્રતિજ્ઞા લઈએ કે આપણે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપીશું. આપણા ઘરમાં જે પણ નવો સામાન આવશે તે ફક્ત સ્વદેશી હશે. દેશના લોકોએ આ જવાબદારી લેવી પડશે.

પીએમ મોદીએ કહ્યું કે આજે વિશ્વ અર્થતંત્ર ઘણી ચિંતાઓમાંથી પસાર થઈ રહ્યું છે. અસ્થિરતાનું વાતાવરણ છે. વિશ્વના તમામ દેશો પોતાના હિત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ભારત વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનવા જઈ રહ્યું છે. હવે ભારતે પણ પોતાના આર્થિક હિતો પ્રત્યે સતર્ક રહેવું પડશે. ખેડૂતો, આપણા નાના ઉદ્યોગો અને રોજગાર આપણા માટે સર્વોપરી છે. સરકાર આ દિશામાં દરેક પ્રયાસ કરી રહી છે.

# ભારતીય રિઝર્વ બેંક આગામી બેઠકમાં રેપો રેટમાં ઘટાડો કરે તેવી સંભાવના

મુંબઈ,તા.૦૨

ભારતીય રિઝર્વ બેંક તા.૫ થી ૭ ઓગસ્ટના રોજ યોજાનારી આગામી નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો જાહેર કરી શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ એક અહેવાલમાં આ વાત કહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઓગસ્ટમાં દરમાં એક વખતનો ઘટાડો લોન વૃદ્ધિને વેગ આપશે, જેના કારણે ’દિવાળીની શરૂઆતમાં’ જેવી લાગણી થઈ શકે છે, કારણ કે




એફવાય ૨૬ ની તહેવારોની મોસમ શરૂ થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, ભૂતકાળના ડેટા સ્પષ્ટ વલણ દર્શાવે છે કે દિવાળી પહેલા રેપો રેટમાં કોઈપણ ઘટાડો તહેવારોના સમયગાળા દરમિયાન લોન વૃદ્ધિમાં વધારો કરી શકે છે. રિપોર્ટ અનુસાર, અમે અપેક્ષા રાખીએ છીએ કે આરબીઆઈ ઓગસ્ટ નીતિમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો ચાલુ રાખશે. અહેવાલમાં જણાવાયું છે કે ઓગસ્ટ ૨૦૧૭ માં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટના ઘટાડાને કારણે દિવાળીના અંત સુધીમાં લોનમાં ૧,૯૫૬ અબજ રૂપિયાનો વધારો થયો હતો. આમાં લગભગ ૩૦ ટકા હિસ્સો વ્યક્તિગત લોનનો હતો. અહેવાલ મુજબ, ટેરિફ-સંબંધિત અનિશ્ચિતતાઓ, જીડીપી વૃદ્ધિ, એફવાય ૨૭ માટે ગ્રાહક ભાવ સૂચકાંક ડેટા અને એફવાય ૨૬ ની તહેવારોની મોસમ પણ અર્થતંત્ર પર અસર કરી શકે છે.

# વડાપ્રધાન મોદીએ ૯.૭૦ કરોડ ખેડૂતોના ખાતામાં રૂ.૨૦.૮૪ કરોડ ટ્રાન્સફર કર્યા

વારાણસી,તા.૦૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વારાણસીથી ’પીએમ કિસાન સન્માન નિધિ યોજના’નો ૨૦મો હપ્તો ૯,૭૦,૩૩,૫૦૨ ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કર્યો. આ અંતર્ગત, દેશભરના ખેડૂતોના ખાતામાં ૨૦,૮૪,૩૪,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ રકમ જારી થતાં, આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૩.૯૦ લાખ કરોડ રૂપિયાથી વધુની રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે પીએમ-કિસાન યોજના એ કેન્દ્ર સરકારની એક યોજના છે જે પ્રધાનમંત્રી દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૯ માં જમીન ધરાવતા ખેડૂતોની નાણાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, ખેડૂતોના આધાર સાથે જોડાયેલા બેંક ખાતાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા દર વર્ષે ૬,૦૦૦ રૂપિયાનો નાણાકીય લાભ ત્રણ સમાન



હપ્તામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. દરમિયાન પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૨૦મા હપ્તાના પ્રકાશન નિમિત્તે પટનામાં આયોજિત એક કાર્યક્રમમાં, કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ભારત સરકાર માટે ખેડૂતોના હિત સર્વોપરી છે. ખેડૂતોના હિત સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે ખેડૂતોને તેમના પાકનો યોગ્ય ભાવ બજાર મુજબ મળે તે માટે લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. ખેડૂતોને તેમના પાકનો યોગ્ય ભાવ મળે તે માટે, ભારત સરકાર એમએસપી પર અનાજ ખરીદે છે. કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. અમે તેમના ભલા માટે સતત કામ કરી રહ્યા છીએ.

### બેંગલુરૂની વિશેષ કોર્ટે આપેલા ચૂકાદામાં પ્રજવલ રેવન્નાને દોષિત ઠેરવ્યો

# દુષ્કર્મના કેસમાં પૂર્વ પીએમ દેવગૌડાના પૌત્રને આજીવન કેદની સજા

બેંગ્લોર,તા.૦૨

બેંગલુરુની એક વિશેષ કોર્ટે શનિવારે જેડીએસના પૂર્વ સાંસદ અને ભૂતપૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાને નોકરાણી પર બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે શુક્રવારે રેવન્નાને દોષિત ઠેરવ્યો હતો. રેવન્નાના પરિવારના ફાર્મહાઉસમાં કામ કરતી ૪૭ વર્ષીય મહિલાએ ગયા વર્ષે એપ્રિલમાં તેની વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી. રેવન્નાએ ૨૦૨૧થી ઘણી વખત તેના પર બળાત્કાર કરવાનો અને ઘટના વિશે કોઈને જણાવવા પર વીડિયો લીક કરવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો. કોર્ટે ૧૮ જુલાઈના રોજ કેસની સુનાવણી પૂર્ણ કરી હતી. રેવન્નાની વિરુદ્ધ બળાત્કાર, ગુનાહિત ધાકધમકી અને અશ્લીલ તસવીરો લીક કરવા સહિત અનેક કલમો હેઠળ આરોપો ઘડવામાં આવ્યા હતા. તેની સામે કુલ ૪ બળાત્કારના



કેસ નોંધાયા છે. આ કેસમાંથી આ પહેલો કેસ છે જેમાં તેને દોષિત ઠેરવવામાં આવ્યો છે. ગયા વર્ષે, કર્ણાટક સેક્સ કૌભાંડ બહાર આવ્યા બાદ પ્રજ્વલ રેવન્નાનું નામ સમાચારમાં આવ્યું હતું. તેના પર ૫૦થી વધુ મહિલાઓનું જાતીય શોષણ કરવાનો આરોપ છે. અત્યાર સુધીમાં તેની સામે બળાત્કાર, છેડતી, બ્લેકમેઈલિંગ અને ધમકી આપવાના આરોપમાં ૪ FIR નોંધાઈ છે. ગયા વર્ષે રેવન્નાના ૨,૦૦૦થી વધુ અશ્લીલ વીડિયો ક્લિપ્સ તેના સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, રેવન્નાએ કર્ણાટકની હસન સંસદીય બેઠક પરથી બીજી વખત ચૂંટણી લડી હતી, પરંતુ તે તેની સાંસદ બેઠક બચાવી શક્યો ન હતો. તેની સામે કેસ નોંધાયા બાદ JDSએ તેને પાર્ટીમાંથી સસ્પેન્ડ પણ કર્યો હતો.












# વિજય દેસાઈ અમરેલી જિલ્લા વિશ્વ હિંદુ પરિષદના અધ્યક્ષ બનતા સન્માન કરાયું






અમરેલી,તા.૦૨

તાજેતરમાં રાજકોટમાં યોજાયેલી વિશ્વ હિંદુ પરિષદની પ્રાંત બેઠકમાં વિજયભાઈ દેસાઈની અમરેલી જિલ્લા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેઓ એક વિઝનરી યુવા આગેવાન છે. જેઓમાં સંગઠનશક્તિ, પ્રેરણાદાયી વ્યક્તિત્વ અને સંસ્કૃતિક દ્રષ્ટિનો અનોખો સમન્વય છે. તેમની અધ્યક્ષ પદે થયેલી વરણીને લઈને ચિતલ - જશવંતગઢ ગામ માટે પણ ગૌરવની લાગણી ઊભી થઈ હતી. આ અવસરે ગામના આગેવાનો અને કાર્યકરો દ્વારા સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુ. અગ્રણી ઉદ્યોગપતિ અને લેઉવા પટેલ સમાજનું ગૌરવ એવા લાલજીભાઈ દેસાઈની અમરેલી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ પદે થયેલી વરણીના અવસરે તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિતલ ગુરૂકુલ સ્વામી હરીચરણદાસજી, લાતી બજાર એસોસિએશન, જશવંતગઢ ગ્રામ પંચાયત, ચિતલ ગ્રામ પંચાયત, ચેમ્બર ઓફ કોમર્સ અને જશવંતગઢ સેવા સહકારી મંડળી તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા ભવ્ય રીતે સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, જયસુખભાઈ દેસાઈ, ભરતભાઈ દેસાઈ, રઘુવીરસિંહ સરવૈયા, મનસુખભાઈ નાડોદા, જયંતિભાઈ દેસાઈ, સુખદેવસિંહ સરવૈયા, અશોકભાઈ માંગરોળિયા, લક્ષ્મણભાઈ સોરઠિયા, હસુભાઈ ધાનાણી, સુરેશભાઈ તળાવિયા, મનુભાઈ અસલાલિયા, મોતીભાઈ કાનાણી, દિનેશભાઈ પાટીદાર, હરેશભાઈ ધામી, પરશોત્તમભાઈ પટેલ, જસુભાઈ ખત્રા, ચંદેશભાઈ પાટીદાર, વલ્લભભાઈ મેશિયા, અરવિંદભાઈ દેસાઈ, મધુભાઈ ભાલાળા, જે.પી. માંગરોળિયા, પી.પી. માંગરોળિયા, કનુભાઈ માંગરોળિયા, જગુભાઈ મોદી, મગનભાઈ ફાગણિયા, મનુભાઈ માવાણી, ધર્મેન્દ્રસિંહ સરવૈયા, રાજુભાઈ ધાનાણી, કાનુભાઈ વિરડીયા, ચંદુભાઈ બુંધેલિયા, જિગ્નેશભાઈ દેસાઈ, અગલભાઈ ભારમલ, અમઝાભાઈ ભારમલ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

## સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં મહિલાના પેટમાંથી ૨૦થી વધુ ગાંઠ કઢાઈ

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલા ખાતે કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં ગાયનેક વિભાગ, સર્જરી વિભાગ તથા એનેસ્થેશિયા વિભાગના ડોક્ટરો દ્વારા એક મહિલાના ગર્ભાશયની કોથળીમાં ૨૦ થી ૨૫ ગાંઠો કાઢવાનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ડો. હાર્દિક બોરીસાગર, ડો. હેમાલી દવે અને ડો. દિનેશ સોલંકી દ્વારા આ સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.



તસવીર : સૌરભ દોશી

મળતી માહિતી મુજબ એ મહિલા પેટમાં દુઃખાવાની સમસ્યાને લીધે તાત્કાલિક હોસ્પિટલમાં આવેલ અને ડો. હાર્દિક બોરીસાગર દ્વારા નિદાન કરતા જણાવ્યું કે લોહીના ટકા ખૂબ જ ઓછા છે અને સોનોગ્રાફી રિપોર્ટમાં ૨૦થી ૨૫ ગાંઠો દર્શાવેલ હતી. લોહી મળી રહે અને લોહી ચડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ડો.ક્રિષ્ના હરીયાણીએ અભિનંદન પાઠવ્યા હતા.

## જિલ્લામાં વરસાદ ખેંચાતા ૧૦ કલાક વીજળી આપવા અશ્વિન કુંજડીયાની માંગ

અમરેલી તા.૦૨

અમરેલી જિલ્લામાં મેઘરાજા જાણે રૂઠ્યા હોય તેમ વરસાદ પડતો ન હોવાથી ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. ખેડૂતો પોતાની મોલાતને બચાવવા માટે બોર દ્વારા પિયત કરી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ૮ કલાક વીજળી મળતી હોય તેના બદલે ૧૦ કલાક વીજળી આપવામાં આવે તેવી જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિનભાઈ કુંજડીયા દ્વારા મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા જગતનો તાત ભારે મુશ્કેલીમાં મુકાયો છે. રાજ્ય સરકાર દ્વારા હાલ ખેડૂતોને આઠ કલાક વીજળી આપવામાં આવી રહી છે તેમાં પણ એક કલાક જેટલું ટ્રીપિંગ થતું હોવાથી વીજકાપનો સામનો



કરવો પડે છે. જો આવી સ્થિતિમાં અમરેલી જિલ્લાના ખેડૂતોને આઠ કલાકના બદલે દસ કલાક વીજળી આપવામાં આવે તો જિલ્લાના ખેડૂતો પિયત કરી શકે. તેથી ખેડૂતોએ પણ ૧૦ કલાક વીજળી માટે રાજ્ય સરકાર સમક્ષ મદદની માંગણી કરી છે. આ બાબતે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને પણ રજૂઆત કરવામાં આવતા તેમણે પણ જિલ્લાના ખેડૂતોની મુશ્કેલીને ધ્યાને લઈ ૧૦ કલાક વીજળી આપવામાં આવે તેવી રાજ્ય સરકાર સમક્ષ માંગણી કરી છે.

## જિલ્લાના ૧.૮૯ લાખથી વધુ ખેડૂતોને પીએમ સન્માન નિધિ ચુકવાઈ



અમરેલી,તા.૦૨

વારાણસીથી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પી. એમ. કિસાન ઉત્સવ દિવસની દેશવ્યાપી ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને અમરેલી સ્થિત ત્રિ-મંદિર ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાના ૧.૮૯ લાખથી વધુ અન્નદાતા ખેડૂતોને પી.એમ કિસાન સમ્માન નિધિ યોજના અન્વયે રુ.૨ હજારની નાણાકીય સહાય સ્વરૂપ ૨૦મા હપ્તાની ચૂકવણી કરવામાં આવી હતી. રુ.૪૦ કરોડથી વધુની રકમ DBT માધ્યમથી સીધી જ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કેન્દ્ર પુરસ્કૃત સબમિશન ઓન એગ્રિકલ્ચર ફાર્મ મિકેનાઈઝેશન યોજના, રાજ્યની એ.જી.આર-૫૦ યોજના અન્વયે વિવિધ સાધન સહાય, ટ્રેક્ટર સબસિડી સહાય સ્વરુપે ૨૦ લાભાર્થીઓને મંજૂરીપત્રકોનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યુ હતું. જિલ્લાકક્ષા કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વન વિભાગની બેદરકારી સામે ધારાસભ્ય જે.વી. કાકડીયાએ વન મંત્રીને પત્ર પાઠવ્યો

**વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે તેવી માંગ કરી**

અમરેલી, તા.૦૨

ધારી-સાવરકુંડલા-રાજુલા રેન્જમાં છેલ્લા બે મહિનામાં અનેક સિંહોના મૃત્યુથી ચિંતાનો માહોલ છે. તાજેતરમાં સિંહબાળના મૃત્યુએ વન વિભાગની કાર્યક્ષમતા પર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક લોકો અને પર્યાવરણ પ્રેમીઓનું કહેવું છે કે, આ મૃત્યુ વાયરસને કારણે થયા હોઈ શકે છે. જો વન વિભાગ દ્વારા નિયમિત તપાસ કરવામાં આવી હોત તો આ મૃત્યુ અટકાવી શકાયા હોત. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ



દીપડાના હુમલામાં માનવ મૃત્યુ થયા હતા, જેમાં વન વિભાગની બેદરકારી સ્પષ્ટ થઈ હતી. સ્થાનિકોએ માંગ કરી છે કે, વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવામાં આવે, જેથી આવા દુઃખદ બનાવો ફરી ન બને તેમ અંતમાં ધારાસભ્ય જે.વી. કાકડીયાએ વન મંત્રીને પત્રમાં જણાવ્યું હતું.

## કુંકાવાવમાં ભાજપ-કોંગ્રેસના આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા

કુંકાવાવ,તા.૦૨

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીના સદસ્યતા અભિયાન અંતર્ગત સદસ્ય જોડો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુંકાવાવ-વડીયા વિસ્તારમાં ભાજપ-કોંગ્રેસમાં મોટા ગાબડા પડ્યા છે. જેમાં ભાજપના વર્તમાન અને પૂર્વ તાલુકા, જિલ્લાના પદાધિકારીઓ અને હોદ્દેદારો



આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. કોંગ્રેસના પણ અનેક આગેવાનો આપમાં જોડાયા છે. વર્તમાન તાલુકા પંચાયતના વિપક્ષી નેતા સહિત અનેક હોદ્દેદારો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. જિલ્લા પંચાયતના પૂર્વ સિંચાઈ સમિતિના ચેરમેન વિજયભાઈ ડોબરીયા, તાલુકા પંચાયતના વિપક્ષી નેતા મનસુખભાઈ ગોંડલીયા, દેવેન્દ્રભાઈ ચોવટીયા, અરવિંદભાઈ આસોદરિયા, ડેરૈયા સહિતના આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા.

## બગસરા ST ડેપોમાં કંડક્ટરના મશીનોની અછત: ૭ રૂટ બંધ, અનેક અનિયમિત

બગસરા,તા.૦૨

બગસરા એસ.ટી. ડેપોમાં લાંબા સમયથી સ્ટાફની અછત હતી, જે હવે દૂર કરવામાં આવી છે, પરંતુ કંડક્ટરના મશીનોની તીવ્ર અછતને કારણે મુસાફરોની હાલાકી યથાવત છે. ડેપોના કુલ ૬૦ રૂટ સામે માત્ર ૪૫ મશીનો જ કાર્યરત હોવાથી, ૭ રૂટ હજુ પણ બંધ છે અને બાકીના મોટાભાગના રૂટ અનિયમિત રીતે ચાલી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બગસરા ડેપોમાં ૪૧ કંડક્ટર અને ૨૭ ડ્રાઈવરની ઘટ હતી, જે તાજેતરમાં પૂરી કરવામાં આવી છે. આ કારણે બંધ થયેલા કેટલાક રૂટ ફરી શરૂ થયા છે, પરંતુ હજુ પણ ગોંડલ-વિસાવદર-જૂનાગઢ, બગસરા-રાજકોટ, બગસરા-રાજકોટ વાયા વડીયા, સુલતાનપુર-રાજકોટ અને બગસરા-ભાવનગર સહિતના ૭ રૂટ સંપૂર્ણપણે બંધ છે. જે રૂટ ચાલુ છે તે પણ અનિયમિત હોવાથી મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડે છે. આ અંગે પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે ડેપો પાસે કુલ ૬૦



તસવીર : હાર્દિક બામટા

મશીનોની જરૂરિયાત સામે માત્ર ૫૦ મશીનો છે, જેમાંથી પણ ૫ મશીનો ખરાબ છે. પરિણામે, માત્ર ૪૫ મશીનોથી જ કામ ચલાવવું પડે છે. એક જ મશીનનો ઉપયોગ એક રૂટમાંથી આવીને તરત જ બીજા રૂટ પર કરવામાં આવતો હોવાથી સમયપત્રક જળવાતું નથી. શ્રાવણ માસ નિમિત્તે ડેપો મેનેજર દ્વારા બગસરા-સોમનાથ, બગસરા-કેશોદ, બગસરા-અમરેલી-જૂનાગઢ અને બગસરા-મહુવા-રાજુલા જેવા નવા રૂટ શરૂ કરવામાં આવ્યા છે, પરંતુ મશીનોની અછતને કારણે આ રૂટ પણ અનિયમિત ચાલી રહ્યા છે. સરકારે તાત્કાલિક ધોરણે નવા મશીનો ફાળવવા જોઈએ જેથી તમામ રૂટ નિયમિત રીતે ચાલી શકે અને મુસાફરોની પરેશાની દૂર થાય.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૫/૨૦૨૫ તા.૩૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ઝાખરા રસીદાબેન વલીભાઈ વાઈફ/ઓફ જોખીયા અહમદભાઈ હુસેનભાઈ રહે.મુ. હરમડીયા તા.ગીર ગઢડા, જી.ગીર સોમનાથ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, બગોયા (ગીણીયા) તા. સાવરકુંડલા જી. અમરેલી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ઝાખરા રસીદાબેન વલીભાઈનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૧ ના રોજ મુ. બગોયા (ગીણીયા), તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

## ખાંભાના ડેડાણ ગામે દવાખાનુ જ બીમાર

અમરેલી,તા.૦૨

ખાંભા તાલુકાના ત્રણેય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ જ નથી. જેના કારણે લોકો આરોગ્ય સેવાથી વંચિત છે. દર્દીઓને નાછૂટકે ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવી પડે છે. ખાંભાના ડેડાણ ગામની ૧૫ હજારની વસ્તી છે. ત્યારે માત્ર એક જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે અને આ આરોગ્ય કેન્દ્ર નીચે ૨૦ ગામો આવે છે. પરંતુ સ્ટાફની ઘટના કારણે અહીંના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર મળતી નથી.

અમરેલી જિલ્લામાં હીરા ઉદ્યોગમાં ફરી તેજીનો માહોલ આવશે

# હીરાની ખરીદી કરવા દર શનિવારે, રવિવારે ગુજરાત-મહારાષ્ટ્રના વેપારીઓ અમરેલી આવશે

**અમરેલી જિલ્લા ડાયમંડ એસો.ના પ્રયત્નોથી વેપારીઓ અને રત્નકલાકારોને પણ ફાયદો થશે**

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલિતભાઈ ઠુંમરના જણાવ્યા મુજબ, હવે અમરેલી જિલ્લાના હીરા ઉદ્યોગમાં તેજીનો માહોલ આવશે. આ માટે ડાયમંડ એસોસિએશન દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય મુજબ, દર શનિવાર અને રવિવારે મહારાષ્ટ્ર, સુરત, રાજકોટ, અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાંથી હીરાના વેપારીઓ ખરીદી કરવા માટે અમરેલી



આવશે. અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી અને હીરા ઉદ્યોગ પર નિર્ભર છે.

છેલ્લા ઘણા સમયથી, વેપારી અને ડાયમંડ એસોસિએશન દ્વારા આ ઉદ્યોગને ફરીથી ગતિશીલ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. આખરે, આ પ્રયાસો સફળ રહ્યા છે અને આ નિર્ણયથી અમરેલીના સ્થાનિક વેપારીઓ અને રત્નકલાકારોને ખૂબ જ ફાયદો થશે. આ પગલાથી ફરી એકવાર હીરા ઉદ્યોગ ધમધમતો થશે અને જિલ્લાની આર્થિક પ્રવૃત્તિમાં વધારો થશે.

# પડતર માંગણીઓને લઈ લીલીયામાં આંગણવાડી બહેનોએ આવેદન પાઠવ્યું

લીલીયા,તા.૦૨

લીલીયા મોટા આંગણવાડી વર્કર બહેનો દ્વારા લીલીયા સી.ડી.પી.ઓ મીનાક્ષીબેન રાઠોડ તેમજ મામલતદારને વિવિધ માંગણીઓને લઈને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ઈ.કે.વાય.સી. તેમજ સમગ્ર આંગણવાડી પ્રવૃત્તિ પર અવળી અસર કરતી એફ. આર.એસ. સિસ્ટમ દૂર કરવી, ઓનલાઈન કામગીરી કરવા માટે સક્ષમ મોબાઈલ તત્કાલ આપવા, હજારો કુપોષિત બાળકો પર અવળી અસર થાય તેવી બી.એલ.ઓ. ની



કામગીરીમાંથી મુક્તિ આપવી, ૨૦૧૮ થી લઈને આજ દિવસ સુધી કોઈપણ પ્રકારનો વેતન વધારો કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ ન હોય જેને લઈ લીલીયા આંગણવાડી વર્કર બહેનો દ્વારા નયનાબેન ગરાણીયાની આગેવાનીમાં આવેદન પત્ર પાઠવવામાં આવ્યુ હતું.

# માલસીકા અને બોરડી ગામે આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરતા જે.વી. કાકડીયા



ધારી,તા.૦૨

ધારી તાલુકાના માલસીકા તેમજ બોરડી ગામે રૂ.૯૦ લાખના ખર્ચે બનનાર પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે ધારી તાલુકા ભાજપના હોદેદારો, પદાધિકારીઓ, આગેવાનો તેમજ ગામના સરપંચ તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.

# અમરેલીમાં GKSS કર્મચારી મંડળ દ્વારા સન્માન સમારોહ યોજાયો

**ગુજરાત સરકારના નાયબ નિયામક નિલેશકુમાર ગોહિલ અને મનીષભાઈ ગોહિલનું બહુમાન કરાયું, સમાજના વિવિધ મંડળોના આગેવાનો ઉપસ્થિત રહ્યા**

અમરેલી, તા.૦૨

અમરેલીમાં ગુર્જર ક્ષત્રિય સમાજ (GKSS) કર્મચારી મંડળ દ્વારા ગુરૂવાર, તા. ૩૧ જુલાઈના રોજ શ્યામ વાડી, લીલિયા રોડ ખાતે એક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ અને સમાજની સેવા કરનાર પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના નાણાં વિભાગના વર્ગ-૧ના નાયબ નિયામક નિલેશકુમાર ઝીણાભાઈ ગોહિલ અને મનીષભાઈ ઝીણાભાઈ ગોહિલનું GKSS કર્મચારી મંડળ તથા ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિ સમાજના ટ્રસ્ટીઓના હસ્તે પુષ્પગુચ્છ, શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં



આવ્યું હતું. આ ઉપરાંત, કાંતાબેન ઝીણાભાઈ ગોહિલનું સન્માન ભાવનાબેન ચોટલીયા અને વનિતાબેન ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં GKSS પ્રમુખ સી.કે. ટાંક, ઉપપ્રમુખ સુરેશભાઈ ટાંક, ગુર્જર ક્ષત્રિય સમાજના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણ, હિરેનભાઈ સોલંકી, કિશોરભાઈ આજુગિયા, ટ્રસ્ટી મંડળના મનુભાઈ ટાંક અને કેળવણી મંડળમાંથી ચીમનભાઈ ટાંક સહિત વિવિધ સમાજિક સંગઠનોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી શહેર ભાજપના પ્રમુખ વિજયભાઈ ચોટલીયાની પણ ખાસ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં સી.કે. ટાંકે સમાજના કાર્યોની વિગત આપી હતી. સન્માનિત મહેમાનોએ સમાજના વિકાસ માટે શું કરી શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સુરેશભાઈ ટાંક દ્વારા કરવામાં આવી હતી.

## સાવરકુંડલામાં દ્વારકાધીશની હવેલીમાં હિંડોળાના દર્શનમાં ભાવિકોની ભીડ

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલામાં જેસર રોડ પર દ્વારકાધીશજીની હવેલીમાં ભક્તિ અને ઉલ્લાસ સાથે હિંડોળા ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ ઉત્સવમાં, દરરોજ ઠાકોરજીને અવનવા અને આકર્ષક હિંડોળાઓમાં ઝુલાવવામાં આવે છે. આ હિંડોળાઓને કમળ, મોતી, શાકભાજી અને તાજા ફૂલો જેવી વિવિધ વસ્તુઓથી સજાવવામાં આવે છે. જેથી હિંડોળાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યાં છે.

# અમરેલીના ૧૦ કિમીની ત્રિજ્યામાં આવતા ગામો માટે ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે વાહનોનું લોકાર્પણ કરાયું

**ધારાસભ્ય કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા સહિત અધિકારીઓ હાજર રહ્યા**

અમરેલી તા.૦૨

અમરેલીની નજીક આવેલા ૧૦ કિમીની ત્રિજ્યામાં આવતા ગામો માટે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસોથી ડોટ ટુ ડોર કચરાના કલેક્શન માટે ૩ વાહનોની



ફાળવણી કરવામાં આવી હતી. ૧૦ કિમીની ત્રિજ્યામાં આવતા ગામોમાં આ વાહનો દ્વારા કચરો એકત્ર કરી યોગ્ય જગ્યાએ કચરાનો નિકાલ કરવામાં આવશે જે માટે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ડીડીઓ પરિમલ પંડ્યા સહિતના અધિકારીઓએ આ વાહનોનું લોકાર્પણ કરી લીલીઝંડી આપી હતી.

# આવતીકાલે શ્યામવાડી અમરેલી ખાતે સિનિયર સિટીઝન માટે કાર્યક્રમ

**દરેક વડીલોને આ કાર્યક્રમમાં હાજર રહેવા આમંત્રણ પાઠવાયું**

અમરેલી,તા.૦૨

આવતીકાલને સોમવારના રોજ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા સંચાલિત સેવા સંઘ દ્વારા એક વડીલ વંદના સિનિયર સિટીઝન માટેના કાર્યક્રમનું સાંજના ૪:૦૦ કલાક થી રાત્રિના ૮:૦૦ કલાક સુધી શ્યામવાડી, લીલીયા રોડ ખાતે આયોજન કરેલું છે. આ કાર્યક્રમમાં સમાજના દરેક વડીલો, માતાઓને ખાસ ઉપસ્થિત રહી આ મનોરંજન કાર્યક્રમનો લાભ લેવા સેવા સંઘ તરફથી ભાવભર્યું આમંત્રણ છે. આ સાથે સમાજ દ્વારા ચાલતા તમામ મંડળો શ્રી કેળવણી મંડળ, શ્રી શ્યામ યુવક મંડળ, શ્રી સેવા સંઘ, શ્રી કર્મચારી મંડળ, શ્રી મહિલા મંડળ, શ્રી વિશ્વકર્મા મંડળ આ તમામ મંડળોના હોદ્દેદાર ભાઈઓને ખાસ ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમરેલી કે.કે.પારેખ કોલેજ ખાતે સ્માર્ટ ઈન્વેસ્ટર્સ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

અમરેલી,તા.૦૨

કે.કે. પારેખ કોમર્સ કોલેજ-અમરેલી ખાતે સેબી સ્માર્ટ ઈન્વેસ્ટર્સ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત Capacity building Programs- Capital Market Awarenessનું આયોજન થયું હતું. આ પ્રોગ્રામ અંતર્ગત સેબીના માર્ગદર્શક વૈભવભાઈ પુરાણીક તથા ડો. અપર્ણાબેન પુરાણીક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કોલેજના એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.



એ.બી. ગોરવાડીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રા. જે.એમ. તળાવીયા, પ્રા. ડો. એ.જી. પટેલ, પ્રા. ડો. એ.કે. વાળા, પ્રા. વાય.કે. ક્યાડા તથા પ્રા. ડબલ્યુ.જી. વસાવાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની સફળતા બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા. ભારતીબેન ફીણવિયાએ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. જી.સી. ભીમાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી.


ખુશખબર... ખુશખબર... ખુશખબર...

હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ

**અવધ બેસન**

વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો




દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ

અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેકિંગમાં ઉપલબ્ધ

સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન

**સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ**

પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી

V : ૯૮૯૮૨૮૬૦૮૩, R : ૯૮૨૪૨ ૩૦૫૧૫


# તોરી ગામે આચાર્ય બાલુભાઈ તળાવીયાનો વિદાય સમારંભ યોજાયો

વડીયા,તા.૦૨

વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના તોરી ગામે આવેલી બી.વી. કોટડીયા પે સેન્ટર શાળા (પ્રાથમિક શાળા) ખાતે લાગણીસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શાળામાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરનાર અને બાદમાં શિક્ષક તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલા આચાર્ય બાલુભાઈ ભુરાભાઈ તળાવીયાને ગામલોકો અને શાળા પરિવારે ભાવભીની વિદાય આપી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને નિવૃત્ત



આચાર્ય કપાડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત આચાર્ય ભાયાણીભાઈએ સ્વાગત પ્રવચનથી કરી હતી. નાની બાળાઓએ તેમના માટે વિદાય ગીત ગાઈને વાતાવરણને વધુ લાગણીસભર બનાવ્યું હતું. બાલુભાઈની સેવાને બિરદાવતા પોપટભાઈ, ભુરાભાઈ, પોસીયાભાઈ, સીઆરસી જયરાજભાઈ, મગનભાઈ વઘાસિયા, સામાજિક કાર્યકર વિનુભાઈ કોટડીયા સહિતના મહાનુભાવોએ તેમને ફુલહાર, સાકરપડો, શ્રીફળ અને શાલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે પે સેન્ટર ગામોના આચાર્ય, હસુભાઈ ઠુમ્મર, કૈલાશબેન અને દયાબેન પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે શોભનાબેન વાળાએ આભારવિધિ કરી હતી.


**MBA - MCA વેકેન્ટ સીટ પ્રવેશ**

★ પ્રથમ વર્ષ MBA - MCA અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૫ – ૨૬ વેકેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૦૧/૦૮/૨૫ થી ૧૧/૦૮/૨૫ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૧૨/૦૮/૨૦૨૫ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૧૪/૦૮/૨૦૨૫ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

★ શ્રીમતી એસ. એચ. ગજેરા MBA મહિલા કોલેજ ★ શ્રી એમ. એલ. કાકડીયા MCA મહિલા કોલેજ

સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી - Ad 119





**સોના-ચાંદીની ખરીદી માટે આજે જ પધારો**

અમારી કોઈપણ બ્રાન્ચ પરથી ખરીદી કરી શકો છો... તો રાહ શેની જુઓ છો... આજે જ પધારો...

**શ્રીનાથજી જ્વેલર્સ** (અમરાપુર વાળા)
અંકિત સોની: 99257 57581 / 92650 95977
ભીડભંજન રોડ, નેપ્ચ્યુન હોટલ પાસે, SBI બેંકની સામે, અમરેલી.

બ્રાન્ચ-૧ **યમુના જ્વેલર્સ** (અમરાપુર વાળા)
હિરેન સોની: 9429220847 / 8141207736
ચક્કરગઢ રોડ, ફાટક ઉતરતા, અમૃતનગર શેરી નં.૨, સહજ હોલની બાજુની ગલીમાં, અમરેલી.

બ્રાન્ચ-૨ **શ્રી યમુના જ્વેલર્સ** (અમરાપુર વાળા)
વિરેન સોની: 98246 28370
હઠીલા હનુમાન મંદિર પાછળ, કાબરીયાના ડેલા સામે, અમરેલી.


**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૪૦/૨૦૨૫

અરજદાર :- શ્રી દેવાભાઈ જગાભાઈ ભાટી
રહે. લીલીનગર, સાવરકુંડલા રોડ,
બાયપાસ ચોકડી, ફાટક ઉતરતા, અમરેલી
તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં દેવાભાઈ જગાભાઈ ભાટી તેમના ભાઈશ્રી નવઘણભાઈ જગાભાઈ ભાટીનો જન્મ (તા.૦૧/૦૧/૧૯૮૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૪૩/૨૦૨૫

અરજદાર :- શ્રી પાંચાભાઈ વિરજીભાઈ કાબરીયા
રહે.ખારાવાડી, લીલીયા રોડ,
તા.જી.અમરેલી. મો.૬૩૫૨૩ ૦૨૮૩૭

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં પાંચાભાઈ વિરજીભાઈ કાબરીયા તેમના પુત્રશ્રી રાજુ પાંચાભાઈ કાબરીયાનો જન્મ (તા.૧૫/૦૬/૧૯૬૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## અવસાન નોંધ

**ઉના**

સ્વ. સાકરબેન હીરાલાલ શિંગાળા(ઉ.વ.૭૬)નું તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કાંતિભાઈ રાયપુરા, જશરાજ પાનવાળા ભરતભાઈ અને પ્રવીણભાઈ તેમજ ગીતાબેન અનિલકુમાર કાનાબાર, ગાયત્રીબેન ઉર્ફે શીતલબેન ઉમેશકુમાર તન્ના, મીનાબેન ઉદયકુમાર નગદિયાના માતૃશ્રી થાય છે. તેમની સ્વર્ગસ્થની પ્રાર્થના સભા તા.૪/૦૮/૨૦૨૫ને સોમવારે જલારામ વાડી, નવો વિભાગ, વરસિંગપુર રોડ ખાતે સાંજના ૪ થી ૬ રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

### ૧૦ ઓગષ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણીના ભાગરૂપે

# DCF વિકાસ યાદવના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

**અમરેલી જિલ્લામાં વિશ્વ સિંહ દિવસને ગીરની દિવાળી તરીકે ઉજવવાનું નક્કી કરાયું**

અમરેલી,તા.૦૨

ગીર પૂર્વ વન વિભાગ દ્વારા આગામી ૧૦ ઓગષ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણીના ભાગરૂપે ધારી શહેર નજીક આવેલા કેસરી સદન ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક ગીર પૂર્વ વન વિભાગના નાયબ વન સંરક્ષક DCF વિકાસ યાદવના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકનો હેતુ વિશ્વ સિંહ દિવસની ઉજવણી અંગે વિસ્તૃત ચર્ચા કરવાનો હતો. ચાલુ વર્ષે અમરેલી જિલ્લામાં વિશ્વ સિંહ દિવસને ગીરની દિવાળી તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.



સિંહોના સંરક્ષણ અને જનજાગૃતિ માટે એક અનોખો પ્રયાસ છે. બેઠકમાં ઉજવણીના વિવિધ પાસાઓ અને કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. DCF વિકાસ યાદવે જણાવ્યું હતું કે વિશ્વ સિંહ દિવસ એ માત્ર સિંહોના સંરક્ષણ માટે જ નહીં પરંતુ પર્યાવરણ અને વન્યજીવન પ્રત્યે જાગૃતિ લાવવા માટે પણ એક સુવર્ણ તક છે. અમરેલી જિલ્લામાં તેને ગીરની દિવાળી તરીકે ઉજવીને સમાજમાં એક સકારાત્મક સંદેશ આપવા માંગીએ છીએ. આ ઉજવણીમાં સ્થાનિક સમુદાયો, વિદ્યાર્થીઓ અને પર્યાવરણ પ્રેમીઓને જોડવામાં આવશે.

# વડીયામાં વિજ્ઞાન પ્રવાહ શાળા મંજૂર થતા વિદ્યાર્થીઓમાં આનંદ

વડીયા,તા.૦૨

વડીયા ખાતે આસપાસના વિસ્તારમાં કોઈ સાયન્સના અભ્યાસની સગવડતા ન હોવાથી અને કુંકાવાવ ખાતે ગ્રાન્ટેડ સાયન્સ સ્કૂલ હતી તે બંધ થતા સમગ્ર તાલુકામાં સાયન્સના અભ્યાસની સુવિધાઓનો અભાવ હોવાથી સાથે ખાનગી શાળામાં તગડી ફીના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને સાયન્સમાં અભ્યાસ કરવો ખુબ મુશ્કેલ હોવાથી આ



વિસ્તારના લોકોએ રાજકિય આગેવાનોને રજૂઆત કરી હતી. સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા.૧/૮/૨૦૨૫ ના રોજ પરિપત્ર કરીને વડીયામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવામાં આવતા વડીયા વિસ્તારમાં હરખની હેલી જોવા મળી છે. આ વિજ્ઞાન પ્રવાહ સ્કૂલની મંજૂરીથી વડીયાને મળેલી સરકારી સાયન્સ સ્કૂલમાં પણ સાયન્સના અભ્યાસ માટે વિદ્યાર્થીઓની સંખ્યા મળતા શરુ થશે ત્યારે વિસ્તારના શિક્ષણ પ્રેમીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનો આભાર માન્યો હતો.

# અમરેલીના નિવૃત્ત પુરુષે ખરીદેલા શેર ડીમેટ એકાઉન્ટમાં જમા ન કરી વિશ્વાસઘાત કર્યો

**છેતરપિંડી અંગે અમરેલી સીટી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી**

અમરેલી, તા.૦૨

અમરેલીમાં રહેતા એક પુરુષે ખરીદેલા શેર તેના ડીમેટ એકાઉન્ટમાં ક્રેડિટ નહીં કરી તેમજ તેમણે આપેલા રૂપિયા ૮.૫૦ લાખ પરત ન આપીને વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. બનાવ સંદર્ભે પિયુષભાઈ છબીલદાલ શાહે મુંબઈમાં રહેતા રૂપેશ દત્તાત્રેય કાલે સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી રૂપેશ દત્તાત્રેય દ્વારા તેમણે ખરીદેલા શેર તેમના ડીમેટ એકાઉન્ટમાં ક્રેડિટ કર્યા નહોતા. તેમજ આરોપીના બેંક ખાતામાં જમા કરાવેલા રૂપિયા ૮.૫૦ લાખ પણ તેમને પરત નહીં કરીને વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ નિલેશકુમાર ભુપતભાઈ ભટ્ટ વધુ તપાસ કરી રહ્યા છે.

# તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલના વિદ્યાર્થીઓનું શાનદાર પ્રદર્શન

અમરેલી, તા.૦૨

તાજેતરમાં યોજાયેલા તાલુકા કક્ષાના કલા મહાકુંભ ૨૦૨૫માં વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ, અમરેલીના ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. કલા મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં શાળાના પાંચ વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું



છે. ચિત્રકલામાં ધોરણ ૧૧ની મકવાણા હસ્તી અને વક્તૃત્વમાં ધોરણ ૧૦ની સાવલિયા રિદ્ધિ પ્રથમ ક્રમે વિજેતા થયા છે. આ ઉપરાંત, ચિત્રકલામાં ધોરણ ૯ની જાદવાણી ખુશી અને ધોરણ ૧૦ની ગોહિલ દેવાંશી દ્વિતીય સ્થાને રહ્યા છે, જ્યારે તબલા વાદનમાં ધોરણ ૧૧ના પરમાર ધ્રુવે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ ઉપરાંત, ધોરણ ૯ની વિદ્યાર્થિની નિર્જરા કેતનભાઈ જોષીની વાર્તાનું વાંચન ઓલ ઈન્ડિયા રેડિયો પર પ્રસારિત થયું છે. વિદ્યાર્થીઓની આ સફળતા બદલ શાળાના સંચાલકો મેહુલભાઈ ધોળકિયા, જતિનભાઈ મહેતા, અંકુરભાઈ ઠુમ્મર અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# સાવરકુંડલામાં ગોવર્ધનનાથજીની હવેલીએ હિંડોળા ઉત્સવમાં વૈષ્ણવો ઉમટ્યાં

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલાના હવેલી શેરીમાં આવેલી શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે હિંડોળા ઉત્સવ ઉલ્લાસ અને ભક્તિભાવ સાથે ઉજવાઈ રહ્યો છે. આ ઉત્સવમાં રોજબરોજ ઠાકોરજીની સેવા અને લાડ લડાવવા માટે અવનવા હિંડોળાઓની આકર્ષક સજાવટ કરવામાં આવે છે. સૌ મનોરથીઓ અને વૈષ્ણવોના સહકાર અને અપાર ઉમંગથી આ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાય છે. આ પવિત્ર પ્રસંગે વૈષ્ણવો આનંદથી ઠાકોરજીના દર્શનનો લહાવો લઈ રહ્યા છે. આ ઉત્સવમાં સૌને આમંત્રિત કરવામાં આવે છે કે તેઓ પણ આ દિવ્ય આનંદનો અનુભવ કરે અને શ્રી ગોવર્ધનનાથજીના દર્શનનો લાભ લે છે. હિંડોળા ઉત્સવના દર્શન કરવા મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી રહ્યા છે.

# લાઠીના કેરાળામાં નવી પ્રાથમિક શાળાનું સાંસદ અને ધારાસભ્ય દ્વારા ખાતમુહૂર્ત

લાઠી, તા.૦૨

લાઠી તાલુકાના કેરાળા ગામમાં અંદાજિત રૂ. ૮૪ લાખના ખર્ચે બનનારી નવી પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત તાજેતરમાં કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન, બંને મહાનુભાવોએ શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, આ શાળાના



નવી મકાનથી વિદ્યાર્થીઓને વધુ સારી સુવિધા મળશે અને શિક્ષણનું સ્તર ઉંચુ આવશે. આ શાળામાં સારા ઓરડાઓ સાથે પ્રાર્થનાખંડ, આચાર્ય કક્ષ, શિક્ષક કક્ષ અને રમતગમતના મેદાન સહિતની અનેક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવીન મકાનનું નિર્માણ થવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય જીતુભાઈ ડેર, તાલુકા પંચાયતના ચેરમેન હિંમતભાઈ એવીયા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન દકુભાઈ પડસાળા, જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ ભુતૈયા, લાઠી તાલુકા ભાજપ પ્રમુખ, સરપંચ, પંચાયતના સભ્યો, ગ્રામજનો અને શાળાના શિક્ષકો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં નશામાં વાહન ચલાવતાં ૧૩ ઈસમો ઝડપાયા

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં વાહન ચલાવતાં ૧૩ ઈસમોને ઝડપી પાડ્યા હતા. ડુંગર, મોટા જીંજુડા, સાવરકુંડલા, મરીન પીપાવાવ, વિરડી, ટીંબી, હિંડોરણા, રાજુલા, જાફરાબાદમાંથી ૧૩ ઈસમો કેફી પીણું પીને વાહન ચલાવતાં મળી આવ્યા હતા. બગસરામાં રહેતો યુવક પોતાના હવાલાની ઈક્કો કાર ઉભી રાખી ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે મળી આવ્યો હતો.

# લાઠીમાં દાખલ થયેલા અપહરણ કેસના આરોપીને સર્વેલન્સ ટીમે ઝડપી પાડ્યો

લાઠી, તા.૦૨

અમરેલી એસપીએ જિલ્લામાં બનતા અપહરણ તથા પોક્સો એક્ટ સંબંધી ગુનાઓમાં આરોપીને પકડવા જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું છે. જે અંતર્ગત લાઠી પોલીસની સર્વેલન્સ ટીમે અપહરણ તથા પોક્સોના ગુનાના આરોપીને ઝડપી પાડ્યો હતો. આ કામગીરી લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની તથા લાઠી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# શાખપુરથી ગારિયાધાર જતા રોડ પરથી દારૂની ત્રણ બોટલ સાથે યુવક પકડાયો

દામનગર, તા.૦૨

દામનગરના શાખપુરથી ગારિયાધાર તરફ જતા રોડ પરથી એક યુવક દારૂની ત્રણ બોટલ સાથે પકડાયો હતો. ગારિયાધારના નાની વાવડી ગામનો કલ્પેશભાઈ મુળજીભાઈ પરમાર (ઉ.વ.૨૭) પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ત્રણ બોટલ મળી આવી હતી. જાફરાબાદમાં એક પુરુષ પાસેથી ત્રણ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# મઢડા ગામે યુવકે ઝેરી દવા પીતાં સારવારમાં મોત

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલાના મઢડા ગામે એક યુવકે ઝેરી દવા પીતાં તેનું સારવારમાં મોત થયું હતું. બનાવ અંગે અરવિંદભાઈ સવજીભાઈ ખેરાળાએ જાહેર કર્યા મુજબ, ભરતભાઈ અરવિંદભાઈ ખેરાળા ગામમાં પહેલા બનેલા ખૂન કેસમાં સાહેદ હતા. જેથી સતત વિચારો આવતા કંટાળીને ઘઉંમાં નાખવાના ટીકડા પી લેતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૧ | ૧૬૯૦ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૫૪૩ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૩ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૭૬૦ |
| જુવાર લાલ | ૫૦૦ | ૮૪૦ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૫૫ |
| બાજરી | ૩૨૧ | ૪૯૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૦૫ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૨૧૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૪૧ |
| મગ | ૧૨૪૮ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૭૮૦ | ૧૧૧૦ |
| ચોળી | ૯૫૦ | ૧૩૧૨ |
| વટાણા | ૧૮૪૧ | ૨૬૪૦ |
| કળથી | ૬૫૦ | ૭૭૫ |
| રાજમા | ૪૦૦ | ૧૪૧૮ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૪૨ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૬૮ |
| તલી | ૧૪૦૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૯ |
| અજમો | ૧૦૩૦ | ૨૦૦૦ |
| સુવા | ૮૩૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૮૪ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૨૭૫૦ | ૪૦૦૦ |
| લસણ | ૪૦૦ | ૭૮૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૩૫ |
| ધાણી | ૧૩૧૧ | ૧૪૫૮ |
| વરીયાળી | ૫૦૦ | ૧૧૭૨ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૬૧૫ |
| રાય | ૧૨૪૦ | ૧૫૪૦ |
| મેથી | ૮૩૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૦૭૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૭૦ |
| રજકાનું બી | ૪૮૫૦ | ૬૪૫૫ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૫૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૪૯૦ |
| પપૈયા | ૧૩૦ | ૨૫૦ |
| બટેટા | ૧૬૦ | ૩૪૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૧૫ |
| ટમેટા | ૭૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૪૦ | ૧૩૭૦ |
| કોથમરી | ૧૪૦ | ૪૨૦ |
| મુળા | ૧૩૦ | ૩૪૦ |
| રીંગણા | ૧૧૦ | ૨૬૦ |
| કોબીજ | ૧૪૦ | ૩૭૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૯૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૯૮૦ | ૧૪૫૦ |
| ચોળાસીંગ | ૧૮૦ | ૬૨૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૫૦ |
| કારેલા | ૧૦૦ | ૨૫૦ |
| સરગવો | ૨૨૦ | ૧૨૪૦ |
| તુરીયા | ૨૮૦ | ૫૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૭૦ | ૩૫૦ |
| કંટોળા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૯૦ | ૨૯૦ |
| બીટ | ૨૫૦ | ૫૫૦ |
| મેથી | ૭૮૦ | ૧૧૯૦ |
| વાલ | ૧૦૩૦ | ૧૩૮૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૭૦ | ૯૪૦ |
| મરચા લીલા | ૨૬૦ | ૪૭૦ |
| મગફળી લીલી | ૫૫૦ | ૮૮૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૩૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૯૧ | ૧૦૦૫ |
| શિંગ મોટી | ૮૨૨ | ૧૧૦૬ |
| શિંગદાણા | ૧૧૫૦ | ૧૪૨૮ |
| શિંગદાણા ફાડા | ૧૧૫૦ | ૧૨૮૪ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૫૬ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૭૦ |
| તલ કાશ્મીરી | ૧૬૦૦ | ૨૨૭૫ |
| બાજરો | ૫૦૨ | ૫૦૨ |
| જુવાર | ૫૭૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૫૩૯ | ૫૪૬ |
| મગ | ૧૧૫૨ | ૧૬૧૬ |
| ચણા | ૯૦૦ | ૧૨૩૦ |
| સફેદ ચણા | ૧૧૬૫ | ૧૧૭૩ |
| છોલે ચણા | ૧૫૯૫ | ૧૫૯૫ |
| તુવેર | ૭૦૦ | ૧૨૭૦ |
| કપાસ | ૮૫૦ | ૧૭૦૮ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૩ |
| જીરૂ | ૧૪૭૫ | ૩૪૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૩૬ |
| સોયાબીન | ૪૫૬ | ૮૫૪ |
| કાંગ | ૨૫૦ | ૫૫૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૫૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૩૬૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલાં | ૨૮૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૫૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૮૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૫૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસપ સુકું | ૫૦૦ | ૮૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૫૦ | ૨૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| ચિભડા | ૨૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| શીંગઓળા | ૬૦૦ | ૭૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૩૧૧ | ૧૬૬૧ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૬૮ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૦૫૧ |
| સિંગદાણા જાડા | ૧૧૮૧ | ૧૪૮૧ |
| સિંગ ફાડીયા | ૯૩૧ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૬ | ૧૨૯૬ |
| તલ કાળા | ૧૧૦૧ | ૪૦૨૬ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૭૦૧ |
| કલંજી | ૭૦૧ | ૪૦૭૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૩૬ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૨૭૧ |
| અડદ | ૧૨૯૧ | ૧૪૬૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૨૮૧ |
| રાય | ૧૨૧૦ | ૧૪૦૧ |
| મેથી | ૮૨૧ | ૯૩૧ |
| કાંગ | ૨૫૦ | ૫૮૧ |
| મગફળી જાડી | ૭૬૧ | ૧૨૩૧ |
| મગફળી નવી | ૬૬૧ | ૧૧૨૬ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૧૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૧૪૬ |
| જુવાર | ૪૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૪૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૧ |
| વાલ | ૬૫૧ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૧૦૩૧ |
| સોયાબીન | ૭૪૧ | ૮૭૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૮૦ | ૧૨૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૭૦૦ |
| કાકડી | ૮૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૫૦ | ૪૦૦ |
| ગાજર | ૩૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ચ્રૂણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| kantola | ૧૦૦૦ | ૧૨૦૦ |
| parvar | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૩ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૬૦૦ | ૧૮૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૧ | ૫ |
| જામફળ | ૪૦૦ | ૧૨૦૦ |
| દાડમ | ૩૦૦ | ૧૨૦૦ |
| સફરજન | ૬૦૦ | ૨૦૦૦ |
| ચીકુ | ૪૦૦ | ૬૦૦ |
| કેળા | ૪૦૦ | ૫૮૦ |
| ક્મલમ | ૬૦૦ | ૧૬૦૦ |
| ગુલાબ | ૭૦૦ | ૧૪૦૦ |
| મોસંબી | ૪૨૦ | ૬૪૦ |
| નાસપતી | ૪૦૦ | ૧૦૦૦ |
| આલુચા | ૬૦૦ | ૧૫૦૦ |
| ખારેક | ૬૦૦ | ૧૪૦૦ |
| તોતાપુરી કેરી | ૩૦૦ | ૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૨૧ | ૧૬૨૫ |
| કપાસ મીડીયમ | ૧૩૯૦ | ૧૫૦૦ |
| મગફળી | ૧૦૨૫ | ૧૦૮૫ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૧૭૭૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| ચણા | ૯૮૦ | ૧૧૯૦ |
| મગ | ૧૨૨૦ | ૧૫૦૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૫ |
| ચણા | ૭૦૦ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૨૦ |
| સોયાબીન | ૮૩૦ | ૮૩૬ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| શીંગદાણા | ૧૨૬૦ | ૧૨૭૦ |
| મગ | ૧૧૫૫ | ૧૨૯૦ |
| શીંગફાડા | ૧૨૬૦ | ૧૨૭૦ |
| અડદ | ૮૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૨૦ | ૧૫૫૦ |
| મગફળી | ૭૩૫ | ૯૦૫ |
| ચણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| તુવેર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| તલ | ૧૧૧૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૪૨૫ | ૧૪૩૦ |
| શીંગ ફાડા | ૧૨૯૧ | ૧૨૯૧ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૭૭ | ૫૭૫ |
| બાજરી | ૨૫૧ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૧૯ | ૫૭૮ |
| અડદ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૮૩૯ | ૮૪૪ |
| ચણા | ૫૯૫ | ૧૧૯૧ |
| તલ સફેદ | ૧૩૭૨ | ૨૦૩૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૮૯૩ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૪૫૦ |
| ડુંગળી લાલ | ૧૨૮ | ૩૧૫ |
| ડુંગળી સફેદ | ૧૩૫ | ૨૦૦ |
| **રાજુલા** | | |
| મગફળી | ૭૦૦ | ૭૦૦ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૧૮૪૬ |
| તલ પીળા | ૧૯૪૧ | ૧૯૪૧ |
| બાજરો | ૩૪૧ | ૪૪૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| જુવાર | ૭૦૨ | ૭૦૨ |
| મગ | ૯૫૧ | ૯૫૧ |
| તુવેર | ૧૦૭૬ | ૧૨૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૦૧ |
| અજમા | ૮૫૦ | ૮૫૦ |
| રાય | ૧૧૭૧ | ૧૧૭૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૧ |
| તલ સફેદ | ૧૭૫૧ | ૨૦૦૦ |
| તલકાળા | ૩૬૦૦ | ૩૯૫૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૫૦૦ |
| ઘઉ લોકવન | ૪૧૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૯૦ |
| બાજરો | ૪૦૦ | ૫૩૬ |
| મગ | ૧૪૦૦ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજીર૦ | ૯૦૦ | ૧૦૬૯ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૩૭ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૮ |
| જુવાર | ૫૫૦ | ૭૪૨ |
| ચોળી | ૮૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૫૨૦ |
| મગ | ૧૨૩૦ | ૧૬૬૨ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૮૪ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૪૦૭૮ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |
| સીંગદાણા | ૧૨૫૦ | ૧૫૦૦ |
| કાંગ | ૪૦૦ | ૫૨૩ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૫૬ |
| ઘઉં | ૪૩૧ | ૫૭૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૨૬ |
| મગફળી | ૬૦૦ | ૯૯૬ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૩૭૧ |
| શીંગફાડા | ૧૦૦૦ | ૧૨૩૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૬૬ |
| રાય | ૯૦૦ | ૧૧૨૫ |
| મેથી | ૮૦૦ | ૯૦૬ |
| તલ | ૧૧૦૧ | ૧૮૫૧ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૨૦ | ૭૭૫ |
| બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૪૦ |
| મગ | ૧૧૦૦ | ૧૬૬૦ |
| અડદ | ૧૦૬૦ | ૧૪૬૦ |
| ચોળી | ૯૦૦ | ૧૩૧૦ |
| વાલ | ૩૦૦ | ૯૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૫૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૦૩૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૯૫૦ |
| તલ | ૧૫૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૬૮ |
| રાઈ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| લસણ | ૪૫૦ | ૯૧૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૦૦ |
| અજમો | ૭૨૫ | ૨૯૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૪૪૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૩૦૦ |
| ડુંગળી નાસીક | ૨૫૦ | ૩૭૫ |
| વટાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| રાજમા | ૫૦૦ | ૯૩૦ |

સંજોગ ન્યૂઝ
# રસધાર
રવિવાર
03 ઓગસ્ટ, 2025



06
વાર્તા વિશ્વ : બીજો ભવ


06
સપ્તરંગ: શિવ અને પાર્વતીના પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય શું છે ?

## યુપીએ સરકારે પાકિસ્તાનને સિયાચીન આપવાની ગુપ્ત યોજના બનાવી હતી !

વિચાર વલોણું

જયવંત પંડ્યા



બયાન બહાદુરો ! આ નવો શબ્દ વડાપ્રધાન મોદીજીએ આપ્યો. સંસદમાં ઑપરેશન સિંદૂર પર ચર્ચા માગીને કોંગ્રેસે કુહાડી પર પગ માર્યો હોય તેવું થયું. અભ્યાસુ સાંસદો નિશિકાંત દુબે અને તેજસ્વી સૂર્યથી માંડીને વિદેશ પ્રધાન એસ. જયશંકર, ગૃહ પ્રધાન અમિત શાહ અને, હિન્દી ફિલ્મના શીર્ષકોમાં આવે છે તેમ, એબૉવ ઑલ, વડાપ્રધાન મોદીએ બરાબર વાક્પ્રહાર કર્યા.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (શરદ પવાર)નાં સાંસદ સુપ્રિયા શૂળેએ, સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ ફોન કરી દેશ માટે દસ દિવસ ફાળવવા વિનંતી કરી હોવાનું વડાપ્રધાન મોદીએ કહ્યું છે તે વાત કરી, વિપક્ષ- વિશેષ કરીને રાહુલ ગાંધી આણિ કંપનીના ફૂગ્ગાની હવા કાઢી નાખી. તેમણે તો જાણે સંઘ-ભાજપનું સૂત્ર જ બોલી નાખ્યું, સંઘનું સૂત્ર છે- વ્યક્તિ સે બડા પરિવાર, પરિવાર સે બડા સમાજ, સમાજ સે બડા રાષ્ટ્ર. ભાજપ તેને વ્યક્તિ સે બડા દલ, દલ સે બડા રાષ્ટ્ર એમ કહે છે. સુપ્રિયા શૂળેએ કહ્યું કે જબ દેશ કી બાત આતી હૈ તો દેશ પહેલે આતા હૈ, ફિર રાજ્ય, ફિર પાર્ટી, ફિર પરિવાર.

ઑપરેશન સિંદૂર માટે વિપક્ષી સાંસદોને વિદેશોમાં મોકલીને વિદેશોમાં ભારતના પક્ષમાં વાતાવરણ બનાવવાનો વડાપ્રધાન મોદીનો નિર્ણય કુનેહભર્યો હતો. આનાથી વિદેશોમાં એવી છાપ પડી કે દેશના મુદ્દે બધા એક છે. ઓવૈસી તો એવું બોલતા હતા જાણે ભાજપના કોઈ નેતા ન હોય. એટલું જ નહીં, ત્યાંથી આવ્યા પછી પણ એશિયા કપમાં, ભલે દુબઈમાં પણ, પાકિસ્તાન સામે મેચ રમવાનો પણ વિરોધ કરી રહ્યા છે. આ મુદ્દે, અર્નબ ગોસ્વામી અને ઝી ન્યૂઝ જેવી ચેનલો પણ વિરોધ કરે છે ત્યારે ભાજપના પ્રભુત્વવાળું બી.સી.સી.આઈ., સૌરવ ગાંગુલી વગેરે કેમ પાકિસ્તાન સામે રમવાનો આગ્રહ રાખે છે તે સમજાતું નથી.

શું દેશભક્તિ સિયાચીન જેવા હિમ ક્ષેત્રમાં અત્યંત ઠંડા વાતાવરણમાં ચોકી કરતા સૈનિકોએ જ દાખવવાની હોય? વૉકલ ફૉર લૉકલ બનીને નાગરિકોએ જ દાખવવાની હોય? નિકાસ બંધ કરી વેપારીઓએ જ દાખવવાની હોય? અઢળક કમાણી કરતા ફિલ્મ કલાકારો અને ખેલાડીઓએ કેમ નહીં? એવું જ હોય તો બધું બંધ કરી દો. સૈનિકો શા માટે લડે? વેપારીઓ શા માટે નિકાસ ન કરે?

સંસદ સત્ર પહેલાં પૂર્વ કેન્દ્રીય ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમે પાકિસ્તાનને આનંદ આવી જાય તેવા પ્રશ્નો પૂછી ભાજપને, ક્રિકેટની ભાષામાં કહીએ તો, 'પાવરપ્લે' આપી દીધો. ચિદમ્બરમે ડાબેરી મીડિયા 'ક્વિન્ટ'ને આપેલા વીડિયો ઈન્ટરવ્યૂમાં કહ્યું કે પહેલગામમાં થયેલા આક્રમણમાં ભારતમાં તૈયાર થયેલા ત્રાસવાદીઓ સંડોવાયેલા હોઈ શકે છે. તમે કઈ રીતે ધારી લીધું કે તેઓ પાકિસ્તાનના જ હતા.

પ્રશ્ન એ છે કે પી. ચિદમ્બરમે કેવી રીતે ધારી લીધું કે ત્રાસવાદીઓ ભારતમાં જ તૈયાર થયેલા હતા? પાકિસ્તાનના નહોતા? આ તો પાકિસ્તાનને નિર્દોષતાનું પ્રમાણપત્ર આપવા બરાબર થયું.

જોકે ચિદમ્બરમ્ ૨૬ નવેમ્બર ૨૦૦૮ના દિને પાકિસ્તાનના ત્રાસવાદીઓએ મુંબઈ પર કરેલા આક્રમણના ચાર દિવસ પછી કેન્દ્રીય ગૃહ પ્રધાન બન્યા હતા. તે સમયે પણ આ આક્રમણ હિન્દુ ત્રાસવાદીઓએ કર્યું છે તેવું સાબિત કરી 'ભગવા ત્રાસવાદ'ની થિયરી પૂરવાર કરવાનો કારસો ઘડાઈ ચૂક્યો હતો. કોંગ્રેસ નેતા દિગ્વિજયસિંહ અને જિહાદી સમર્થક નિર્દેશક મહેશ ભટ્ટે 'આરએસએસ કી સાજિશ: ૨૬/૧૧'

**૧૯૮૬માં રાજસ્થાનમાં પાકિસ્તાનની સીમા પર સેનાધ્યક્ષ જનરલ સુંદરજીએ અડધી સેના ખડકીને પાકિસ્તાનમાંથી સિંધને અલગ કરવાની યોજના બનાવી હતી, પરંતુ રાજીવ ગાંધીએ પાકિસ્તાનની પરમાણુ યુદ્ધની ધમકીથી ડરી જઈ પીછેહટ કરી લીધી. એટલું જ નહી, કાશ્મીરમાંથી દોઢ લાખ સૈનિકો પાછા ખેંચી લીધા! તેની કેટલી મોટી કિંમત ભારતે ૧૯૮૯થી ૨૦૧૯ સુધી ચૂકવવી પડી!**

પુસ્તકનું વિમોચન પણ કરી નાખ્યું હતું. અને એક નહીં, બે શહેરોમાં વિમોચન કરવામાં આવ્યું હતું. અજમલ કસાબ પણ હાથમાં નાડાછડી (હિન્દીમાં કલાવા કહે છે) પહેરીને આવ્યો હતો જેથી તે હિન્દુ લાગે.

વડાપ્રધાન મોદીએ લોકસભામાં કહ્યું તેમ, રાહુલ ગાંધીએ અમેરિકી રાજદૂત તિમોથી રોએમરને હિન્દુઓ, લશ્કર એ તઈબા જેવા ઈસ્લામિક ત્રાસવાદી સંગઠન કરતાંય વધુ ભયજનક હોવાનું કહ્યું હતું જે તે સમયે વિકિલિક્સના રહસ્યોદ્ઘાટનમાં બહાર આવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ સંસદમાં નામ લીધા વગર કોંગ્રેસના જે યુવા સાંસદના અવતરણને ટાંક્યું તે પ્રણીતિ શિંદેનું છે. પ્રણીતિએ ઑપરેશન સિંદૂરને તમાશો કહી દીધો ! મોદીજીએ કહ્યું કે આ વાત પ્રણીતિ શિંદે પાસે શીર્ષ નેતૃત્વએ કરાવડાવી છે. વાત સાચી છે કારણકે કોંગ્રેસે પ્રણીતિને હજુ ઠપકો આપ્યો નથી. ભારતીય સૈનિકોની પરાક્રમગાથાનું અભૂતપૂર્વ પ્રકરણ એવા ઑપરેશન સિંદૂરને નાટક કહેવું એ સૈનિકોની વીરતાનું શું અપમાન નથી?

પરંતુ કડવી અને સાચી વાત એ છે કે કોંગ્રેસના ઈતિહાસમાં સૈનિકોનું અપમાન સામાન્ય બાબત રહી જ છે. પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને ઈન્દિરા ગાંધી સદા સેનાના વિદ્રોહથી ડરતા રહ્યા. નહેરુ તો માનતા હતા કે સેનાની શું આવશ્યકતા છે, પોલીસથી કામ ચાલી જશે. આ દેશ અહિંસાને વરેલો છે તો બીજા કોઈ દેશથી શું ભય? ઑક્ટોબર ૧૯૪૭માં જ કાશ્મીર પર ચડાઈ કરીને પાકિસ્તાને નહેરુનો એ ભ્રમ ભાંગી નાખ્યો. ઈન્દિરા ગાંધીને પણ સામ માણેક શૉ તરફથી ભય લાગતો હતો. સામ માણેક શૉએ ૧૯૭૧માં માત્ર દસ જ દિવસમાં પોતાની વ્યૂહરચના થકી પાકિસ્તાન સામે વિજય અપાવી પાકિસ્તાનના બે ટુકડા કર્યા પરંતુ કોંગ્રેસ સરકારોએ સામ માણેક શૉને હેરાન કરવામાં કંઈ બાકી નહોતું રાખ્યું.

તેમની સામે તેમના જમાઈની કંપનીમાં સલાહકાર તરીકે કામ કરવા માટે ન્યાયાલયમાં કેસ કરાયો જેમાં તેઓ જીતી ગયા હતા. ત્રીસ વર્ષ સુધી તેમનો પગાર કોંગ્રેસ સરકારોએ અટકાવી રાખ્યો હતો ! ઈ. સ. ૨૦૦૭માં જ્યારે સામ માણેક શૉ તેમનાં અંતિમ વર્ષોમાં હૉસ્પિટલમાં દાખલ હતા અને ડૉક્ટરો તરફથી તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને તેની જાણ થઈ ત્યારે તેમણે તાત્કાલિક ત્રીસ વર્ષનો પગાર અપાવડાવ્યો. ૧ જાન્યુઆરી ૧૯૭૩થી ગણાયેલો આ પગાર કુલ રૂ. ૧.૧૬ કરોડ થયો હતો.

કલામને તે સમયે બહાનું શું અપાયું હતું તે જાણશો તો આઘાત અને દુઃખ લાગશે. કલામને કહેવાયું હતું કે સામ માણેક શૉને ફીલ્ડ માર્શલ પદ પર ઉન્નતિ અપાઈ હતી અને આ પદ નવું હતું તેથી તેમનો પગાર જ નિર્ધારિત નહોતો કરાયો. બોલો ! ત્રીસ વર્ષ સુધી પગાર નિર્ધારિત ન કરી શકાયો ? કે નહોતો કરવો? પરંતુ સામ માણેક શૉએ ક્યારેય કોઈ ઈન્ટરવ્યૂમાં આ ફરિયાદ નથી કરી કે નથી સરકારને પત્ર લખી આ ફરિયાદ કરી.

પહેલગામમાં ગત ૨૨ એપ્રિલે ત્રાસવાદીઓએ આક્રમણ કર્યું અને કલમા વાંચતા આવડે છે કે નહીં તેમજ જનનેન્દ્રીયને ખતના કરાવી છે કે નહીં તે જોઈ-તપાસીને ૨૫ હિન્દુઓ અને એક ખ્રિસ્તીની હત્યા કરી અને કહ્યું કે મોદીને જઈને કહી દે'જો, તે પછી કોંગ્રેસ અને વિપક્ષો પહેલગામ હુમલાનો જડબાતોડ ઉત્તર આપવા માગણી કરતા હતા. કોંગ્રેસનાં (અ)સભ્ય પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતના વડપણવાળા આઈટી સેલે તો 'ઍક્સ' પર મોદીનો ચહેરો હટાવી ધડ મૂકી 'સર તન સે જુદા'વાળી કલ્પના કરી નાખી કે મોદી અદૃશ્ય છે. જ્યારે કે મોદી સેનાધ્યક્ષો, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ અને કેન્દ્રીય પ્રધાનો સાથે બેઠક પર બેઠક કરી રણનીતિ બનાવી રહ્યા હતા. અને ૬ મેની રાત્રે (ટૅકિનકલી ૭ મેએ) ઑપરેશન સિંદૂર હેઠળ સેનાએ પાકિસ્તાની ત્રાસવાદીઓના અડ્ડા નષ્ટ કર્યાની જાણ થયા પછી પાકિસ્તાને સામો ઉત્તર આપવાનું શરૂ કર્યું તે પછી યુદ્ધ જેવી સ્થિતિ થઈ ગઈ હતી અને પાકિસ્તાનની અંદર રાવલપિંડીથી માંડીને અનેક શહેરોમાં ભયંકર નુકસાન પહોંચ્યું ત્યારે તેને તેમાંથી બચાવવા કોંગ્રેસની ઈકો સિસ્ટમ શાંતિનો રાગ આલાપવા લાગી હતી અને **#saynotowar** નો ટ્રેન્ડ 'ઍક્સ' પર ચલાવવા લાગી હતી.

જોકે કોંગ્રેસ પોતે સત્તામાં હતી ત્યારે તેણે આવું જ કર્યું હતું. વડાપ્રધાન રાજીવ ગાધી સમયે ૧૯૮૬થી '૮૮ દરમિયાન સેનાધ્યક્ષ કે. સુંદરજી હતા. તેમણે રાજીવ ગાંધીને પૂછીને ઈ.સ. ૧૯૮૬-૮૭માં રાજસ્થાનમાં પાકિસ્તાન સીમાએ સેનાની ત્રણેય પાંખના સાડા પાંચ લાખ સૈનિકોનો એક યુદ્ધ અભ્યાસ- ઑપરેશન બ્રાસટૅક્સ- શરૂ કર્યો હતો. સાડા પાંચ લાખ એટલે અડધી સેના. સુરક્ષા અંગેની વેબસાઈટ **'globalsecurity.org'** તે અભ્યાસને 'નાટો'ના અભ્યાસ કરતાંય મોટો ગણાવે છે. દ્વિતીય વિશ્વયુદ્ધ પછીનો આ સૌથી મોટો યુદ્ધાભ્યાસ હતો.

રાજીવ ગાંધીએ પણ સાર્ક પરિષદમાં પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન મોહમ્મદ જુનેજોને તેની જાણ કરી હતી. પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ ઘોર ભારત વિરોધી ઝિયા ઉલ હક હતા જેમણે વિદ્રોહ કરી સત્તા પચાવી પાડી હતી. તેઓ પોતે પણ અગાઉ સેનાધ્યક્ષ હતા.

એટલે તેમણે અભ્યાસને પાકિસ્તાન સામે ભય તરીકે જોયો અને પંજાબ સીમાએ પાકિસ્તાન સેનાને ખડકી દીધી. ૧૯૮૭ના જાન્યુઆરીના મધ્ય સુધીમાં બંને દેશોની સેના સામસામે આવી ગઈ હતી. પાકિસ્તાને તો પરમાણુ યુદ્ધની ધમકી પણ આપી દીધી. આનાથી રાજીવ ગાંધી ડરી ગયા. ૧૯૪૭, ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં જેમ આપણે મજબૂત સ્થિતિમાં હોવા છતાં, ટેબલ પર હારી ગયા, તેમ આ યુદ્ધાભ્યાસ પછી આપણે એવી સંધિ કરી લીધી કે કાશ્મીરમાંથી આપણે દોઢ લાખ સૈનિકોને પાછા બોલાવી લીધા ! વિચારો ! તે પછી ઈ.સ. ૧૯૮૯થી કાશ્મીરમાં પાકિસ્તાનના સંકેત પર ભયાનક ત્રાસવાદ શરૂ થયો અને હિન્દુઓની હત્યા શરૂ થઈ. ઈ.સ. ૧૯૯૦ની ૧૯ જાન્યુઆરીએ તો હિન્દુઓ પર બળાત્કાર, હત્યા, લૂંટફાટ કરીને ત્યાંથી ભગાડાયા. રાજીવ ગાંધીએ આ સંધિ ન કરી હોત તો?

આ ઑપરેશન બ્રાસટૅક્સનો ઉદ્દેશ્ય પાકિસ્તાનમાંથી સિંધને અલગ પાડવાનો પણ હતો તેમ સંરક્ષણ નિષ્ણાતો કહે છે. જો તેમ થયું હોત તો પાકિસ્તાનને મોટો ઘા વાગ્યો હોત. પરંતુ રાજીવ ગાંધીનું સાહસ ઓછું પડ્યું.

સેનાધ્યક્ષ સુંદરજી ખૂબ જ આક્રમક સેનાધ્યક્ષ હતા. ઈ.સ. ૧૯૮૬માં અરુણાચલ પ્રદેશના તવાંગ પાસે ઑપરેશન ફાલ્કન કરીને હાથુંગ લા રિજ, પાંકાંગ તેંગ ત્સો અને ક્યાફો સહિત ઊંચાઈ પર આવેલાં વ્યૂહાત્મક સ્થળો પાછાં મેળવી લીધાં હતાં, જેના પરિણામે ભારત અને ચીનની સેના સામસામે આવી ગઈ હતી, પરંતુ યુદ્ધ ટાળી શકાયું હતું. સુંદરજીના આ વીરતાસભર પરાક્રમ પછી ભારત સરકારે ઈ.સ. ૧૯૮૬માં અરુણાચલ પ્રદેશને રાજ્યનો દરજ્જો આપ્યો હતો.

યુપીએ સરકારમાં સોનિયા ગાંધી આણિ કંપનીએ સિયાચીન હિમ ક્ષેત્રને પાકિસ્તાનને ધરી દેવાની યોજના બનાવી હતી ! આ કોઈ પાયાવિહોણી બાબત નથી, સેનાના પૂર્વાધ્યક્ષ જે.જે. સિંહે (જોગીન્દર જશવંતસિંહ) આ ઘટસ્ફોટ ૨૦૧૪માં કર્યો હતો. સિયાચીન પર આપણી વીર સેનાએ ઈ. સ. ૧૯૮૪માં 'ઑપરેશન મેઘદૂત' કરીને આધિપત્ય મેળવી લીધું અને અનેક ભારતીય સૈનિકોએ પોતાનું બલિદાન આપ્યું, -૬૦ અંશ સે.ની હાડ ગાળી નાખતી ઠંડીમાં પણ તેની રક્ષા આપણા સૈનિકો કરે છે તે સિયાચીનને પાકિસ્તાનને આપી દેવાની યોજના સોનિયા ગાંધી સરકારે ઈ.સ. ૨૦૦૬માં બનાવી હતી અને તેણે સેનાને વિશ્વાસમાં લેવાનું પણ ઉચિત નહોતું સમજ્યું ! જે.જે. સિંહે કહ્યું હતું કે કોંગ્રેસે સિયાચીનને પાકિસ્તાનને સોંપવા પ્રસ્તાવ કરીને તેમાં બલિદાન થનાર સૈનિકોની વીરગતિનું અપમાન કરવા પ્રયાસ કર્યો હતો.

આ પહેલાં ઈ.સ. ૧૯૮૯માં રાજીવ ગાંધી સમયે અને તે પછી ઈ.સ. ૧૯૯૨માં નરસિંહરાવની કોંગ્રેસ સરકાર સમયે પણ સિયાચીન પાકિસ્તાનને સોંપી દેવા પ્રયાસો થયા હતા પરંતુ ભારતીય સેનાના વિરોધના કારણે એ શક્ય નહોતું બન્યું.

સંસદના સત્ર દરમિયાન સોનિયા ગાંધીએ 'દૈનિક જાગરણ' વર્તમાનપત્રમાં એક લેખ લખી ગાઝા બાબતે (એટલે કે હમાસે ૭ ઑક્ટોબર ૨૦૨૪એ કરેલા બર્બરતાપૂર્ણ આક્રમણના ઉત્તરમાં ઈઝરાયેલ દ્વારા કરાતી કાર્યવાહી) વડાપ્રધાન મોદીના મૌનની ટીકા કરી હતી. તેમનાં પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા ગત ડિસેમ્બર ૨૦૨૪માં પેલેસ્ટાઈન લખેલી થેલી (બૅગ) લઈને સંસદ સત્રમાં ભાગ લેવા પહોંચ્યાં હતાં. પરંતુ આ જ ગાંધી પરિવાર અને કોંગ્રેસ ઈરાન પર ઈઝરાયેલના આક્રમણ બાબતે મૌન છે. ઈરાનના શિયા મુસ્લિમોની જાનહાનિ તેમને જાનહાનિ નથી લાગતી. ઈરાનના શિયા મુસ્લિમો તેમને મુસ્લિમો નથી લાગતા. તેમને ગાઝાના સુન્ની મુસ્લિમોની જ પડી છે.

તો, પ્રિયંકા ગાંધી વાડ્રાએ છત્તીસગઢમાં ત્રણ છોકરીઓને બળજબરીથી મતાંતરિત કરી ખ્રિસ્તી બનાવવા તેમજ માનવ ચોરી કરવાના આરોપમાં પકડાયેલી બે ખ્રિસ્તી નનને છોડવા માટે સંસદ ભવનના પરિસરમાં દેખાવો કર્યા હતા. રાહુલ ગાંધી વિદેશ જાય છે ત્યારે કહે છે કે ભારતમાં મુસ્લિમો અને શીખો પર અત્યાચાર થઈ રહ્યા છે. આનો અર્થ સ્પષ્ટ છે કે કોંગ્રેસને માત્ર મુસ્લિમો અને ખ્રિસ્તીઓ જ દેખાય છે. શીખોનો મુદ્દો તેઓ ખાલિસ્તાન અલગતાવાદને ભડકાવવા કરે છે. આમ, ચિદમ્બરમ્ હોય, પ્રણીતિ શિંદે કે પછી ગાંધી પરિવાર, તેઓ મત માટે, ભારતમાં હિન્દુઓમાં ભાગલા પડાવી, મુસ્લિમો-શીખો-ખ્રિસ્તીઓને ભડકાવવાના પાકિસ્તાનના મિશનમાં સહાય કરી રહ્યા છે. ■

jaywant.pandya@gmail.com

## તમારો શબ્દ – તમારા વિરુદ્ધ ખોદીને વાપરી શકાય છે

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

જાહેરજીવનમાં સારું વકતૃત્વ આશીર્વાદ છે અને તર્કશુદ્ધ, શબ્દપ્રચૂર, અવતરણો, ઉદાહરણોથી ભરપુર વાક્છટા જાહેરજીવનમાં પ્રગતિનો એક મુખ્ય આધારસ્તંભ છે. જો તમારી ભાષા પર પકડ છે, જે બોલવા ઉભા થયા છો એ વિષયનું જ્ઞાન છે તો તમે સામાવાળાને શબ્દોથી તમારો દ્રષ્ટિકોણ સમજાવી શકો છો, તમારા મત સાથે સહમત કરી શકો છે, કે હરાવી શકો છો. રાજકારણમાં કર્મ અને શબ્દ બેના સહારે સફળતા મેળવી શકાય છે. પ્રજા લાંબા ગાળે તમારું કામ કે શબ્દો કે બંને જ યાદ રાખે છે. બાંસઠનું યુદ્ધ ચીન સામે હારી ગયા બાદ સંસદમાં વડાપ્રધાન નહેરુ દેશને જસ્ટિફીકેશન આપી રહ્યા હતા, એમણે એક દલીલ એવી આગળ ધરી કે ચીને હડપેલી ૩૮૦૦૦ વર્ગ કિલોમીટર જમીન બંજર છે ત્યાં ઘાસનું એક તણખલું પણ ઉગતું નથી. એ જમાનો તલવાર જેવા સત્ય શબ્દો વાપરીને રાજનીતિ કરવાનો હતો. દેશપ્રેમ નેતાઓના ખૂનમાં હજુ વહી રહ્યો હતો, વિપક્ષ કોઈ વિદેશી ફંડિંગ કે વિદેશી નેતા કે બીજા કોઈ દેશના એજન્ડા આધારે કામ નહોતો કરતો. મહાવીર ત્યાગી નામના સાંસદે નહેરુને જવાબ આપ્યો... " એમ તો વડાપ્રધાનના માથા પર એકપણ વાળ નથી ઉગતો, એથી એ માથું નકામું નથી બની જતું..."

તમે બનાવેલા પુલો પડી જશે, યોજના બંધ થઈ જશે, ઈમારતો જર્જરિત થઈ જશે, તમે ઉદ્ઘાટિત કરેલા કોઈ એકમની તકતી પર તમારું નામ અવાચ્ય થઈ જશે તો પણ તમે ઉચ્ચારેલા શબ્દ સમય સંજોગ અનુસાર ચિરકાળ સુધી પ્રગટતો રહેશે. એ શબ્દ તમારો હોવો જરૂરી છે. આમાં ઉધારી નથી ચાલતી. તમારો શબ્દ તમારો મિજાજ છે, એ તમારા ગળામાંથી તમારા લોહીનું ઉષ્ણતામાન લઈને ફેંકાય છે. ઉછીનો શબ્દ થોડું ચાલીને હવામાં ઓગળી જાય છે. બીજાના શબ્દો જયારે તમે ઉચ્ચારો છો ત્યારે તમે એ વ્યક્તિના પ્રતિનિધિ માત્ર બની જાઓ છો.

ભારતની સંસદમાં આજે ચર્ચા ચાલી રહી છે. ચર્ચા ભારતીય સેનાએ કરેલા પરાક્રમ ઓપરેશન સિંદૂર અંગે ચાલી રહી છે. ઓપરેશન સિંદૂર થયું હતું કે કેમ ? ભારતીય સેનાના કેટલા વિમાન તૂટ્યા ? એક વખત આ સવાલો પાકિસ્તાન તરફથી પુછાતા હોય એમ લાગશે, પણ આ સવાલો ભારતના વિપક્ષના છે. સંસદમાં બોલાયેલો શબ્દ રેકોર્ડ થાય છે, પચાસ વર્ષ બાદ એ ગૃહમાં બેઠેલા તમારા શબ્દો ખોદીને તમારી વિરુદ્ધમાં વાપરી શકે છે. જે તે સમયે સેનાના આલા અધિકારીઓ દ્વારા ઓપરેશન અંગે જાણકારી પ્રેસ કોન્ફરન્સ કરીને દેશ દુનિયા સામે રાખવામાં આવી હતી. આજે જે સવાલો ઓપરેશન સિંદૂર અંગે પૂછવામાં આવી રહ્યા છે તેના જવાબો એ કોન્ફરન્સમાં આપી દેવામાં આવ્યા હતા. પણ ભારતમાં નેતાઓનો એક ચોક્કસ વર્ગ છે જે સેનાના પરાક્રમમાં વિશ્વાસ નથી કરતો. ભારત વિશ્વમાં એકમાત્ર એવો દેશ છે જ્યાંનો વિપક્ષ દેશની સેનાના કોઈ પરાક્રમ અંગે હમેશા સાબિતીઓ માંગતો ફરે છે. સંસદમાં ચર્ચાની માંગણી કરે છે. જે આઘાત દુશ્મન દેશ પાકિસ્તાન પર થયો છે, એનો ઈનકાર પાકિસ્તાન પણ નથી કરતું, જે ભારતનો વિપક્ષ કરી રહ્યો છે. ભારત વિરોધી બધા નિવેદનો, જે વિશ્વના કોઈપણ દુરીતીરી કક્ષાના દેશના છગ્ગુંપંજુએ વાપરેલા હોય, એ ભારતની સંસદમાં ભારતની વિરુદ્ધ વાપરવામાં આવે છે.

આજે માલેગાવ કેસનો ચુકાદો આવી ગયા બાદ જે તે સમયે કોંગ્રેસના નેતાઓ દ્વારા 'હિંદુ આતંકવાદ', 'ભગવા આતંકવાદ' જેવા શબ્દનો બહોળો ઉપયોગ કરવામાં આવ્યો હતો, એક ઘટનાને લઈને દેશના બધા હિન્દુઓને આતંકવાદી સાબિત કરવાનો એક નેરેટિવ ચલાવવામાં આવ્યો હતો. એ શબ્દ ફરીથી સપાટી પર આવી ગયો છે. કાલખંડની એક સતહ ખુલી ગયા બાદ શબ્દ પાતાળમાંથી જ્વાળામુખી બનીને ફાટી શકે છે. શબ્દ અમર છે. માણસ શબ્દ કરતા ખુબ વહેલો મરી જાય છે. અમેરિકન પ્રમુખ લિંકને ગ્રેટીસબર્ગમાં બોલેલા શબ્દો કે '...... આપણે અહી જે કહીશું તેની જગત ભાગ્યે જ નોંધ લેશે, લાંબુ યાદ પણ નહિ રાખે ......' આજે એકસો બાંસઠ વર્ષ બાદ પણ બે મિનિટના ટૂંકા વ્યક્તવ્યને ખુબ યાદ કરાય છે.

રેફરન્સ કે આક્ષેપ પ્રતિઆક્ષેપની રાજનીતિ જે નેતાઓ કરી રહ્યા છે, એણે ઈતિહાસનો ગહન અભ્યાસ કરવો જરૂરી છે. જુના શબ્દોને પકડવા માટે અભ્યાસના દરિયામાં ઉંડી ડૂબકી લગાવવી પડે છે. જુનો સંદર્ભ ટાંકવા માટે તેનો અભ્યાસ કરવો જરૂરી છે. કોઈ ચર્ચામાં હિસ્સો લીધા વિના, એક શબ્દ બોલ્યા વિના સંસદની બહાર આવીને, કોફી પીતા પીતા ટીવી ડીબેટમાં બેસીને, વિદેશી યુનિવર્સીટીમાં પચ્ચીસ ત્રીસ વિદ્યાર્થીઓની સામે જઈને માઈક સામે મોઢું ફાડતા પહેલા દશ વખત વિચારવું જરૂરી છે. સવાર બપોર સાંજ જેના શબ્દો અલગ પડતા હોય એ રાજનેતાની આબરુ જનતા વચ્ચે મચ્છી માર્કેટમાં બેસતા પાથરણા વાળા જેટલી થઈ જાય છે. અમેરિકન પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ રોજ સવારે ઉઠીને કોઈ નવા દેશને ધમકી આપે છે, સાંજે ફરી રાહત આપે છે, બીજી સવારે ફરી ધમકી આપે છે. યુક્રેન જેવા યુદ્ધગ્રસ્ત દેશના વડા સાથે ચાલુ પ્રેસવાર્તા દરમિયાન શાબ્દિક ઝપાઝપીમાં ઉતરી પડે છે. અમેરિકન પ્રેસિડેન્ટ વિશ્વના સૌથી તાકતવર રાજકીય શખ્સિયત ગણાય છે. કોઈ મુદ્દે એમના નિવેદનની દુનિયા આખી કાગડોળે રાહ જુએ છે. તેના શબ્દો અહેમિયત રાખે છે. ટ્રમ્પે છાસવારે દુનિયાના ક્ષુલ્લક મુદ્દાઓ પર નિવેદનો ઉછાળીને, દરેક બે દેશ વચ્ચેના ફાટેલામાં પગ નાખીને પદની ગરિમા ઓછી કરી નાખી છે. શબ્દ સ્થિર ન રહે તો વ્યક્તિની કારકિર્દી અસ્થિર થઈ શકે છે.

ક્વિક નોટ – વાક્છટા એ સમજાવટનું એક કૌશલ્ય છે જે યોગ્ય અને અયોગ્ય બાબતે એક માન્યતા સર્જે છે, પણ તે વિશે કશી માહિતી નથી આપતી. – સોક્રેટીસ ■

production@infiniumpharmachem.com

## સાહેબ..! શ્રાવણમાં ફરાળ કરાય..?

હાસ્યાય નમ:

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) વ્રત કરવામાં અને પાણીપુરી ખાવામાં ભાઈઓ કરતા બહેનો આગળ કેમ?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
ફાકી અને ફાંકામાં અમે આગળ છીએ હોં!

(૨) ગઈકાલે ગાજરનો હલવો ખાધો. આજે દુધીનો હલવો ખાધો. તો આવતીકાલે કયો હલવો ખાવો?
રિશિતા વ્યાસ (સુરત)
ખાધા વિના હલવો.

(૩) આ કોલમમાં સવાલ પૂછનારના ફોટો પણ છાપતા હો તો?
નીરવ ડણાંક (અમરેલી)
તમે મારો એકનો ફોટો છપાય છે એ પણ બંધ કરાવશો એમ લાગે છે!

(૪) પ્લેનમાં બેસવાની બીક લાગે છે. શું કરવું?
દર્શન પટેલ (વડોદરા)
ઉભા-ઉભા જાઓ!

(૫) મારો છોકરો દસમાં ધોરણમાં આવ્યો છે. કોઈ સૂચન?
રામભાઈ પટેલ (સુરત)
હા, એને કીધા ન કરવું કે તું દસમાં ધોરણમાં આવ્યો છે.

(૬) ન્યૂઝ પેપર ક્યાં ઝાડમાંથી બને છે?
જયેશ રાઠોડ (બાબરા)
કયું ન્યૂઝપેપર છે એ લખો તો ખબર પડે!

(૭) ચોખાનો દાણો અને મગનો દાણો બન્ને ચકો જ લઈ આવે છે. તોય કેમ હવે કોઈને જલદી ચકી મળતી નથી ?
કનુભાઈ પરમાર (દામનગર)
મગ અને ચોખાની બનાવવાની તો ખીજડી જ ને! અને ચકીને ખીચડી ભાવતી નથી.

(૮) સમગ્ર વિશ્વમાં પાડોશી દેશો એકબીજા સાથે દુશ્મનાવટ કેમ રાખે છે ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
પાકિસ્તાનની નકલ.

(૯) વરસાદ પાણી જેવો કેમ છે સાહેબ?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
પાણા જેવો હોત તો છાંટો પડત એટલા ખાડા પડત.

(૧૦) ટેન્શનનું કનેક્શન મગજ સાથે હોય છે તેમ છતાં હાર્ટએટેક કેમ આવે છે ?
સૈયદ રાબિયા (બાબરા)
આપણું જોડાણ ગુજરાતી ભાષા સાથે છે છતાં બોલવામાં અંગ્રેજી આવે છેને?!

(૧૧) સાદી દાળને તડકામાં ખાઈએ તો દાળતડકાનો સ્વાદ આવે ખરો?
મહેન્દ્ર મકવાણા સોખડા રાઘુ (કરજણ વડોદરા)
અખતરા રહેવા દો. પાણીપુરી પાણીમાં બેસીને ખાઈએ તો કાંઈ પાણીનો સ્વાદ ન આવે.

(૧૨) ગુંદા તો ભીંડા કરતા પણ વધારે ચીકણા હોય છે, તો માણસને ભીંડો છોડી ગુંદા સાથે જ ન સરખાવવો જોઈએ?
એકતા "આસ્થા"(કેનેડા)
ગુંદાને કોઈ પોતાની સરખામણી માણસ સાથે કરે એ ગમતું નથી. ભીંડાને ગમે છે.

(૧૩) તમે ચોર હોત તો?
હરપાલસિંહ સોલંકી (કંબોઈ- ચાણસ્મા)
તમને ભાગીદાર બનાવત!

(૧૪) સાહેબ..! શ્રાવણમાં ફરાળ કરાય..?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
તમે ફરાળમાં શ્રાવણ કરો.

(૧૫) કાગડા કાળા જ કેમ હોય?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
કેમ કે ગધેડા ધોળા હોય છે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# શિવ અને પાર્વતીના પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય શું છે ?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

શિવના સાક્ષાત્કારની સૌથી મહત્વની મજા એ છે કે શિવ શાંતરસની મૂર્તિ છે. શાંત રસે જાણે કે સાક્ષાત દેહ ધારણ કર્યો હોય એવા શિવના દર્શન છે. મહાકવિ કાલિદાસે કુમાર સમ્સભવમ્ મહાકાવ્યમાં દેવાધિદેવનું એ વર્ણન કરેલું છે. સમગ્ર ભારતવર્ષ પર ભગવાન ભોળાનાથની નજર છે. કૈલાસ પર્વત પર શિવ અને પાર્વતી અખંડ હરિ કથા અને સત્સંગ કરે છે. શિવ-પાર્વતીના દાંપત્યની આધારશીલા અધ્યાત્મ છે, જે દંપતીના ગૃહસ્થ જીવનના કેન્દ્રમાં ધર્મતત્ત્વ હોય એ આખો પરિવાર આ જગતમાં નિરંતર પૂજાય છે. પાર્વતી હિમાલયનાં પુત્રી છે અને પરમતત્ત્વની ઉપાસનામાં એમનો આત્મા સદાય પરોવાયેલો રહે છે. શિવ કહે છે કે હે પાર્વતી, પરમતત્ત્વનું સ્મરણ એ જ સંસારમાં અવિચલ એકમાત્ર તત્વ છે, બાકી બધાનો વિનાશ નિશ્ચિત છે. ઉમા અનુભવ મૈં કહુ અપના, સત હરિ ભજન, જગત સબ સપના....! જે દેખાય છે સામે એ બધું જ છે તો ખરું, પરંતુ કાળની કેડીએ બધું જ વિચલિત છે. એ સતત પરિવર્તનશીલ છે. દેખાય નહીં એ રીતે સમય એટલે કે કાળદેવતા બધું જ ગળી જાય છે. શિવ કહે છે કે હે પર્વતાધિરાજ હિમાલયનાં પુત્રી, હું આપને ખરું સત્ય બતાવું છું કે આ જગતમાં જે કંઈ દેખાય છે તે માત્ર સ્વપ્ન છે. સત્ય તો એકમાત્ર પરમતત્ત્વની આરાધના છે.



સમગ્ર ભારત વર્ષમાં શિવની ઉપાસનાનો મહિમા છે. શ્રાવણ મહિનાના ત્રીસ દિવસ સળંગ દિનરાત શિવ પૂજન માટે ભારતીય ઋષિઓએ ફાળવેલા છે. આપણા પંચાંગમાં શ્રાવણ મહિનો શિવ ઉપાસનાનો સમય છે. ચાતુર્માસના બીજા ચરણમાં શ્રાવણ આવે છે. શ્રાવણમાં આકાશ ઝરમર વરસતું રહે છે. શિવલિંગ પર આપણે જે રીતે અભિષેક કરીએ છીએ એવી રીતે મેઘ આ મહિનામાં કંકર એટલા શંકર માનીને જળનો પૃથ્વી પર અભિષેક કરે છે. રાજાઓનો રાજા મેઘરાજા છે. મેઘરાજા શિવનો પરમ ઉપાસક છે. શ્રાવણ મહિનામાં પૃથ્વી પરના સર્વ પાષાણમાં એને શિવ તત્ત્વનો અનુભવ થાય છે. એટલે ઝરમર મેઘ વરસતો રહે છે. ભારતીય પ્રજા માટે હજારો વર્ષોથી શિવ પરિવાર પૂજાય છે. કારણ કે ભારતીય ગૃહસ્થ અને વૈરાગી એમ બંને જીવનનો આધાર તથા આદર્શ શિવ પંચાયતન છે. શાસ્ત્રોમાં વર્ણન છે કે જ્યાં સુધી જીવ, શિવ સન્મુખ ન હોય ત્યાં સુધી એને લોભ, મોહ, માયા, અભિમાન, શોક, ધન અને ક્લેશ સતાવે છે. એકવાર જીવ જો શિવની સન્મુખ આવે તો પછી એના ચિત્તમાં પ્રસન્નતા અને નિત્ય આનંદનો વાસ થાય છે.

ભગવાન શિવ અને કુબેરની દોસ્તી જુગ જુની છે. કુબેર દેવોના ખજાનચી છે અને ભગવાન ભોળાનાથના કૈલાસના પાડોશી છે. શિવની બાજુમાં જ કુબેર રહે છે. કુબેર પરમ શિવભક્ત છે. શિવભક્તિને કારણે દેવોએ પણ એની પાસેથી ભંડાર લેવો પડે છે. હિમાલયમાં બે દેવતાઓ ગણાય છે તેમાં એક ભોલે ભંડારી અને બીજા કુબેર ભંડારી. જે લોકો ભગવાન ભોળાનાથની ઉપાસના શરૂ કરે છે અને અંતઃકરણથી હિમાલય તરફ પ્રયાણ કરે છે એટલે કે જે ભક્તોનું મન ઉત્તર દિશામાં કૈલાસના ગિરિશિખરે બિરાજતા દેવોના દેવ મહાદેવ તરફ યાત્રા શરૂ કરે છે એના તરફ સ્વાભાવિક રીતે શિવની નજર પડે છે. જેવી નજર પડે કે તરત જ ભોળાનાથ પોતાના તરફ આવતા ભક્તોને રોકવા માટે અને કસોટી કરવા માટે કુબેરને જાણ કરે છે અને કુબેર પોતાના ખજાનામાંથી સુખની એક લહેર એ ભક્તો તરફ વહેતી કરે છે. મોટાભાગના ભક્તો તો કુબેરનો પ્રસાદ પામીને જ શિવ તરફની યાત્રા અટકાવી દે છે અને કુબેરના પ્રસાદમાં આખી જિંદગી અટવાયેલા રહે છે. ખરો ભક્ત એ છે જેને ખબર છે કે શિવના ચરણ સિવાય પરમ શાંતિ આ સંસારમાં કોઈ પણ ભૌતિક સુખ આપી શકે તેમ નથી. શાસ્ત્રમાં વારંવાર સ્પષ્ટતા કરી છે કે બ્રહ્મા આપણું સર્જન કરે છે, વિષ્ણુ લાલનપાલન કરે છે અને છેવટે આ જીવ શિવના શરણમાં સમાઈ જાય છે. અંતવેળાએ સર્વ કાળદેવતાઓના સ્વામી અને મહાકાળ એવા મહાકાલેશ્વરના શરણે જવા માટેની આપણી યોગ્યતા આપણે આયુષ્ય દરમિયાન તબક્કાવાર કેળવતા રહેવાની છે. કલિયુગનો પ્રભાવ બહુ છે એટલે આસન સિદ્ધ કરીને તપશ્ચર્યા કરવાનું કામ આ યુગમાં સંભવ નથી. ઋષિમુનિઓએ બહુ વિચાર કરીને કલિકાલ માટે એક દિવ્ય ઔષધિ અને એક જ અમૃતકુંભ માનવજાતને આપેલો છે, જે છે હરિનું નામ. નામ જ આ યુગના વિષમ વૈતરણી જેવા સાત સાગરની પાર આપણને ઉતારે છે. ભગવાન શિવના જે દિવ્ય આભૂષણ છે એમાં એમના એક હાથમાં રુદ્રાક્ષની માળા પણ છે. એક ક્ષણ પણ શિવ વિષ્ણુના સ્મરણ વિનાની પસાર થવા દેતા નથી. એમના ચિત્તમાં નિરંતર જપયજ્ઞ ચાલે છે. શિવ જ્યારે ત્રીજું નેત્ર ખોલે છે ત્યારે એમાંથી પ્રગટતી જ્વાળાઓ વાસ્તવમાં ભીતર ચાલતા જપયજ્ઞની અગ્નિશિખાઓ છે. શિવ પ્રમુખ કલાધર છે. ભભૂતિ લગાવીને ભલે બેઠા, પરંતુ તેઓ નટાધિરાજ નટરાજ છે. જિંદગીમાં કલાતત્ત્વનો શિવે મહિમા કર્યો છે. ચન્દ્ર એમના શરણે આવ્યો તો એ ભયભીત ચન્દ્રને સકલ બ્રહ્માંડમાં નિર્ભય અને ગૌરવવંત પદ આપવા શિવે એને મસ્તક પર ધારણ કર્યો છે. ભક્તવત્સલ શિવ પોતાનું સ્મરણ કરનારનું દુઃખ સહન કરી શકતા નથી. એટલે તેઓ સોમ એટલે કે ચન્દ્રના નાથ હોવાથી સોમનાથ છે. સોમનાથ વિશે કંઠોપકંઠ પરંપરામાં એવી કથા પણ છે કે શિવને શરણે જવા માટે ચન્દ્ર જ્યારે કૈલાસ ગયો ત્યારે શિવ સૌરાષ્ટ્રના વેરાવળ સાગર કિનારે તપ કરતા હતા એટલે ચન્દ્ર અહીં આવી પહોંચ્યો. ત્યાં જ શિવે એને અભય વરદાનો આપ્યા. પછી ચન્દ્રે નિત્યપૂજા માટે એ જ સ્થળે શિવલિંગની પ્રતિષ્ઠા કરી જે આજે સોમનાથ તરીકે દ્વાદશ જ્યોતિર્લિંગમાં પ્રથમ પૂજાય છે. આનું બીજું રહસ્ય એ છે કે ચન્દ્ર મનનું કારણ છે. જેનું ચિત્ત મહાદેવમાં લાગેલું હોય એને હૈયે ચન્દ્ર તેજ શી શીતળતા અખંડ વહેતી હોય છે. શિવ રાત્રિપ્રિય દેવ છે. પાર્વતી સાથે તેમની અનંતકાળથી ગોષ્ઠી ચાલે છે. સમગ્ર સંસારમાં આવું દેવયુગલ ક્યાંય નથી. પાર્વતીની બ્રહ્મતત્ત્વ જાણવાની જિજ્ઞાસા પણ કેવી છે ? શિવ સતત હરિકથા કહેતા રહે છે. કૈલાસ પર્વત જ એમની વ્યાસપીઠ છે. શિવ-પાર્વતીના પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય એમની વચ્ચેનું અધ્યાત્મ છે. જેવી શિવની જટામાં ગંગધારા છે એવી જ એમની વાણીમાં ભક્તિ અપરંપારા છે. અખિલ દક્ષિણ ભારતમાં કાર્તિકેયની ઉપાસના છે. ઉપરના ભારતમાં ગણાધિપતિ ગણેશની ભક્તિ કરવામાં આવે છે. શિવ સ્વયં વિસર્જનના દેવ છે અને એમના પુત્ર ગણપતિ શુભારંભના અધિપતિ છે. જિંદગીના શુભ સંકલ્પો દુંદાળા દેવના આશિષથી આરંભાય છે અને જીવનાન્તે સર્વ કર્તૃત્વ સહિત કર્તા અને કર્મ બધું જ શિવચરણે શમીને ચિરકાલીન પ્રશાન્ત થઈ જાય છે. હિમાલય જ્યારે હિમયુગમાં અરધા ભારત પર પથરાયેલો હતો ત્યારે આખા જુના યુરેશિયા ખંડમાં જીવસૃષ્ટિને ધબકતી રાખવા બચી ગયેલા પહાડી લોકોએ શિવની ઉપાસના કરીને ભારનનો પુનરોદ્ધાર કર્યો હતો એવી પણ કથા છે. શિવ શબ્દનો અર્થ જ કલ્યાણ છે. જેના હૃદયમાં જીવમાત્રના કલ્યાણની પ્રબળ ભાવના હોય ત્યાં શિવતત્ત્વ વસે છે. બીજાનું દુઃખ જોઈને રાજી થાય એ રાક્ષસકુળ છે, બીજાના દુઃખમાં ભાગ લે અને આશ્વાસન આપે એ માનવકુળ છે અને બીજાનું દુઃખ જોઈને સહન જ ન કરી શકતા અને દુઃખ દૂર કરીને જ જંપે એ દેવકુળ છે. ભોળાનાથ ભોળા એટલે કહેવાય છે કે અજાણતાય એમનું સ્મરણ કરે કે મને-કમને પણ યાદ કરે એના પર પણ એ અઢળક કૃપા કરે છે. ભક્ત મારી કેટલી ભક્તિ કરે છે એનો મહાદેવ હિસાબ રાખતા નથી કે ત્રાજવે તોળતા નથી. નામ લીધું કે બેડો પાર... એટલે જ એમને દેવોના દેવ મહાદેવ કહીએ છીએ. ■

# બીજો ભવ



વાર્તા વિશ્વ
યોગેશ પંડયા

ભેરીયો થરથરી ઉઠ્યો. બે હાથ જોડીને બોલ્યો: 'હું મારા ગુરૂભાઈને વાત કરૂ છું. ભૈરવદા'એ મસાણની મેલડી સાધી છે. થઈ થાવાની કહી દે છે. એણે કૈંકના વાંજીયા મેણા ભાંગ્યા છે. એકવાર એની આંખ જેના ઉપર પડી, ઈ જણ બકરી બનીને ખીલે આવી ગયું જ સમજો ! પણ એના માટે થોડોક સમય આપો બાપુ.'

'આપ્યો' જયસિંહે કહ્યું, 'પંદર દિવસ ? મહિનો ? બે મહિના ?'

'મોકાની વાટ, મોકો મળે એટલે પુરૂ.'

એ જ દરમિયાન બસ્તીમાં એક છોકરો મરી ગયો. બીજે દિવસે એક બીજા યુવાનનું મોત, ત્રીજે દિવસે બે દિકરાનો જુવાન બાપ ગયો. ચોથે દિવસે ત્રેવીસ વરસની સ્ત્રી પાછળ વલવલતા બે બાળકો મૂકી ચાલી નીકળી. વસ્તીમાં હામાકાર મચી ગયો. મેરીયાએ વસ્તીમાં જઈને કહ્યુ કે, 'તમારી જ વસ્તીમાં એક ડાકણ રહેવા આવી છે. એની નજર જેની ઉપર પડે, ખેલ ખતમ ! એ ડાકણને તગેડવી પડશે કારણ કે, એ રેશમના શરીરમાં બેઠી છે.' બસ્તીમાં હલ્લો મચી ગયોઃ 'કાઢો... કાઢો... ડાકણને કાઢો..' રેશમની પડખેના ઝૂંપડામાં રહેતા વેલજી ભગતે કહ્યું: 'રેશમ, ભાગી જા. નહિતર આ પ્રજા તને અને તારા દીકરાને મુકશે નહી.' રેશમ ફફડી ઉઠી. તેણે બચકો બાંધ્યો. રાત પડે ને અંધારામાં ઓગળી જવાનો મનસૂબો ઘડ્યો પણ બસ્તીએ એનું ઝૂંપડુ ઘેરી લીધું.

નકકી કરી લીધુ હતુંઃ રેશમને સ્મશાને લઈ જવાનું. રેશમને સાંકળે બાંધી. સરજુ ચિલ્લાતો રહ્યો. કોઈએ કહ્યું: 'આ તારી મા નથી પણ ડાકણ છે ડાકણ ! આને આજ રાતે તગેડવાની છે.' બસ્તીવાળા હલ્લો મચાવતા રહ્યાઃ ડાકણને કાઢો, હત્યારીને તગેડો. જોરૂભાએ વાડીએ આવીને જયસિંહને કહ્યું: 'તખ્તો તૈયાર છે. ભેરવદા એકલો રેશમને લઈને મસાણે બેસવાનો છે. ડાકડમરૂ વાગશે. રેશમના શરીરમાં વાસ કરી ગયેલી ડાકણને દારૂ પાશે. બેભાન થઈ જાય પછી બાકીની વિધિના હકદાર તમે.' આ બધા મેસેજ મેરીયાએ આપ્યા. જયસિંહ ખડખડાટ હસ્યો..

'ઘૂંઘટો ખોલ.. '

ભૈરવદાએ ત્રાડ પાડીને કહ્યુઃ 'બોલ, તું કોણ છે ?' મરચાનું ધૂમડિયુ સરખું કરતા કરતા બેધ્યાનપણે ભૈરવદાએ ત્રાડ પાડી, 'લીંબડાવાળી છો ? વડવાળી છો ? કે સાત કોશિયાવાળી ? હા, તું ગમે તે હો, આજ તને તગેડ્યા વગર નહી મૂકું.'

'હું રેશમ છું ભુવા.. રેશમ... !' રેશમે ઘૂંઘટો ઉંચો કર્યો. જાણે રૂપાની ઘંટડી વાગી. ભૈરવદા તેના છુટ્ટા ઘેઘૂર કેશકલાપ આડેથી ડોકાતા ગોરા ગોળચટ્ટા નમણા મુખારવિંદને તાકી રહ્યો. અરે... તેનું હૃદય ધબકારો ચૂકી ગયું. આ પુરાની બસ્તીની કોઈ સ્ત્રી હતી કે પિકચરની કોઈ હીરોઈન ? ભૈરવદા તેની કાળી આંખોમાં ડૂબી ગયો. જો કે, રેશમની આંખોનું ઉંડાણ જ એવું કામણગારૂ હતું. રેશમે તેનું મોઢુ નજીક લાવીને કહ્યું: 'બસ્તીના છોકરા મરી જાય છે એમાં મારો કોઈ વાંક નથી ભૂવા..' રેશમના ગરમ ગરમ શ્વાસ ભૂવાના ગાલ ઉપર સ્પર્શ્યા. રેશમ બોલતી હતી, 'હું એક સ્ત્રી છું. મારામાં ડાકણનો વાસ હોય તો હું મારા જ છોકરાને ભરખી જાઉ. !'

ભૈરવદા મનમાં જ બોલ્યો: ' હા, રેશમ વાંક તારો નથી પણ વાંક તારા રૂપનો છે.' એ તરત જ મઢના બીજા રૂમમાં ગયો. એનો ખાસ પઢિયાર ભીગલો દારૂ ઢીંચતા ઢીંચતા સાંકળ તૈયાર કરતો હતો. 'ભીમલા – ભૈરવદા'એ તેને ભાનમાં આણ્યો ' આ તારી સગલી ડાકણ નથી પણ રતિ છે સાક્ષાત રતિ ! અને હવે.. આખો માંચડો બદલવો પડશે. તુ એવો કાંઈક કારહો ગોઠવ કે સાંપ મરે નહિ લાઠી ભાંગે નહી આપણે રાત્રે બાર વાગ્યે સ્મશાને નહી પણ નવલખા ડુંગરની ગાળીમાં આને લઈ જવાની છે. આ રતિ મારા હાથમાંથી છટકવી ન જોઈએ. તું સમજ્યો ?' જવાબમાં ભીમલો પઢિયાર થોડામાં ઘણુ સમજી ગયો. ભૈરવદા રૂમમાં આવ્યો. રેશમ બેઠી હતી. મઢની બહાર વસ્તીનું ટોળુ હો હા કરતું હતું. ભૈરવદાએ એની આંખમાં આંખ પરોવીને કહ્યુ: ' તું અને તારો દીકરો સાબદા રહેજો. નહિતર આ લોકો તને જીવતી નહીં છોડે. અમે તને સ્મશાને નહી, નવલખાની ગાળીઓમાં મૂકી જઈએ છીએ. ત્યાંથી તમે છટકી શકશો. બહાર તો દેકારો છે. રાત્રે બાર વાગ્યા પછી બધુ મોળુ પડશે. સમજી ? ત્યાં લગીમાં તારા દીકરાને ય બોલાવી લઈએ...' રેશમે પાંપણો ઝૂકાવી. ભૈરવદાએ તેના ગાલને થપથપાવ્યો. રેશમની આંખમાંથી આંસુ ટપક્યા.

આજની રાત બિકાળવી હતી. જયસિંહ જોરૂભાની મીઠી રાહ જોતો હતો. એ ક્યારે બોલાવવા આવે. જયસિંહે ફાર્મહાઉસના ઓરડાને અદકા હેતે શણગાર્યો હતો.

ચિબરી બોલી, મોરે પાંખો ફફડાવી. તમરાના ઝમઝમ અવાજ કૈંક અંશે આ રાતના ભેદને પામવા મથી રહ્યા હતા. વીજળીના તીવ્ર ચમકારા અને પછી ગગનભેદી કડાકા. જયસિંહે થ્રીએકસ રમ ગ્લાસમાં રેડ્યો. કોરેકોરા બે ઘૂંટ પીધા અને વંખુભર વડલાને તાકી રહ્યો. વડલો, સમાધિસ્થ જોગંદર જેવો લાગ્યો. જયસિંહ અજીબ નજરથી તેને તાકી રહ્યો. જોગંદરે જાણે આંખો ખોલી. જયસિંહ ચમકી ઉઠ્યો. જોગંદરનો ઉંડે ઉંડેથી અવાજ આવ્યો.

' જયસિંહ ચીલો ચાતરીશ નહિ, મરજાદ મૂકીશ નહી. તારા બાપના સંસ્કારને લજવીશ નહી. જીવતરમાં એક ડાઘ પડી ગયો, કદિ ભૂંસાશે નહી.

કયાંકથી ઘૂંવડ બોલ્યું. એની ભાષા કશુંક કહેતી હતી. આજે આ શું થાય છે ? નબળા વિચારોને હડસેલવા તેને ઘણા પ્રયત્નો કર્યા પણ એ તો જળોની પેઠે...

અચાનક ઘોડાના ડાબલાનો અવાજ આવ્યો. જોરૂભા શ્વાસભર્યો દોડતો આવ્યો: 'જયસિંહ ભારે કરી. ભૈરવદા અને એની પાંચ પઢિયારની ગેંગ રેશમને ઉપાડી ગઈ.'

'કયાં ?' જયસિંહ સમૂળગો ખેંચાઈ આવ્યો.

'વાવડ છે ત્યાં સુધી નવલખાની ગાળીઓમાં.'

'પણ એ તો અહીં મસાણે આવવાનો હતો ને?'

'હા... પણ એની દાઢ ડળકી છે રેશમ ઉપર.. અને વાવડ પાક્કા છે.'

પણ જોરૂભાનું બોલવું પુરૂ થાય એ પહેલા તો ખંભે બેનાળી, હોલબુટની નીચે એક પટે જમૈયો અને બીજા પગના મોજાની અંદર પિસ્તોલ છૂપાવી જયસિંહ પોતાની રોઝી ઘોડી ઉપર ઠેકડો મારીને ચડી બેઠો અને ભાગ્યો.

(ક્રમશઃ) ■

# રાખનાં રમકડાં




ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"જુઓને બા, મને વખત જ નથી મળતો, પરંતુ આજ.... અત્યારે તો મારે ફરજિયાત આવવું જ પડયું." રણમલે આવીને જોયું તો દામો પથારીમાં પડયો છે. "હેં બા, દામાને આવો તાવ કેમ આવ્યો ? એક તો તે માસ્તર અને નિયમિત રહેતી વ્યક્તિ ! આવા માણસને તાવ આવે નહીં. ચાલો, હું અંદર આવું છું..."

રણમલ અંદરના રૂમમાં આવ્યો. દામાની પથારીમાં ઓશીકા પાસે જ બેસી ગયો. પછી દામાના કપાળે ને ગાલ પર હાથ ફેરવતાં બોલ્યો : "અત્યારે.... એટલો બધો તાવ નથી બા, હવે તમે બન્ને બહાર બેસો. હું દામાને ઉઠાડીને થોડી વાતચીત કરૂં...."

નંદુમા અને બા રૂમમાંથી બહાર નીકળી ઓસરીમાં હિંડોળે બેઠાં. હવે રણમલે દામાના ગાલ પર ધીમે ધીમે ટપલી મારી, પછી તેનું મોઢું દામાના કાન પાસે રાખી બોલ્યો : "દામા, જો તો... તારી પાસે તને કોણ મળવા આવ્યું ? આંખો ખોલ, હું રણમલ છું. એક ખુશખબર લઈને તારી પાસે આવ્યો છું. તને હવે તાવ ઉતરી ગયો છે. તું આંખો ખોલ અને ઊભો થા. આપણે વાતો કરીએ..."

રણમલે આ બધું બોલેલું દામાએ સાંભળ્યું હશે કે નહીં તે તો ભગવાન જાણે ! પરંતુ તેણે તેની આંખો ન ખોલી. એટલે પછી રણમલે તેના બન્ને હાથથી દામાના બન્ને ખભા પકડી ખૂબ ઢંઢોળ્યો, હચમચાવી નાખ્યો. એ સાથે જ દામાએ આંખો ખોલી અને આંખો ખૂલતાં જ જાણીતો ચહેરો નજરે દેખાતા તે ખોખલું હસ્યો. ને પછી તો બીજી જ ક્ષણે તે પોકે પોકે રડી પડયો.

દામાની આવી સ્થિતિ.... આવી દશા, આવું નમાલું વર્તન જોઈ રણમલને પણ સાચે જ ખૂબ આશ્ચર્ય થયું. કારણ કે આજ સુધી તેણે દામાને કોઈ દિવસ રડતો તો જોયો જ ન હતો. આવું થયું એટલે રણમલ ગોટે ચડયો, વિચારે ચડયો : દામો આમ અને આવું તો કોઈ દિવસ ન રડે. તાવ જેવી સામાન્ય બીમારીથી મારો મિત્ર ન જ રડે. નક્કી.... કંઈક ઠોસ કારણ આ રડવા પાછળ હોવું જ જોઈએ.. તો પછી... એવું કયું કારણ હોઈ શકે ? રણમલ વિચારે ચડયો.

રડતાં દામાને શાંત કરવા રણમલે દામાની આંખો અને ચહેરો રૂમાલ વડે લૂછીને પછી ધીમેથી બોલ્યો : "તું આટલો બધો પોચકો છે તેની તો મને અત્યારે જ ખબર પડી. તાવ જેવી સામાનય બીમારીને તું મોટો અને ગંભીર રોગ માની લઈ, આમ નાનાં છોકરાની જેમ કેમ રડે છે ? તને મેં આવો ઢીલો માણસ નહોતો માન્યો. આટલો પોચો ? ચાલ હવે તેં શાંતિથી બેસ. મારે તને એક સરસ મજાની વાત કરવી છે..."

રણમલનું આવું બધું કહેવું સાંભળી દામો શાંત થયો. પછી રૂમાલથી તેણે તેનું મોઢું વ્યવસ્થિત રીતે સાફ કર્યું. પાસે જ બોટલ પડી હતી તેમાંથી થોડું પાણી પીધું અને પછી હસવાની ખોખલી રમત પણ કરી... ને બોલ્યો : " તારી પાસે સરસ મજાની વાત શી છે... ? શા નવા સમાચાર છે.. ? બોલ... તું ઝડપથી બોલ, નવાજૂની શું છે ? હવે તો કહે..."

"યાર... મિત્ર ! મને સરકારી નોકરી મળી છે. દોસ્ત..., આજે ઓર્ડર મળ્યો..."

"અરે વાહ...! તને તો ખૂબ ખૂબ અભિનંદન દોસ્ત ! રણમલ... મારા મિત્ર, હવે તો મારો તાવ સાચે જ ઉતરી ગયો એમ જ સમજ. હું ખૂબ જ ખુશ છું, મા... ખોડિયાર માતાજીએ આપણી અરજી, આપણી મન્નત પૂરી કરી છે, સ્વીકારી લીધી છે...."

દામો ખુશીના આવેશમાં સાચે જ ઝૂમી ઉઠયો હતો.

ત્યાં તો રણમલે સાવ ધીમેથી કહ્યું :

"મને નોકરી તો મળી પરંતુ એક વાતનું ખૂબ દુઃખ છે."

"દુઃખ...? શેનું દુઃખ...?" દામાએ ઝડપથી પૂછયું.

"મારી નોકરીનું પોસ્ટિંગ વિસાવદરમાં થયું છે. કમળાપુર છોડીને હવે મારે વિસાવદર જવું પડશે. આપણે બન્ને મિત્રો એકબીજાથી દૂર થઈશું. આ વાતનું મને દુઃખ છે.. દોસ્ત !"

"દોસ્તી ભલે સાચી પરંતુ નોકરી તો અતિ મહત્વની છે, રણમલ ! ભલે થોડે છેટે જવું પડે. અને હા, વિસાવદર કંઈ એટલું બધું દૂર તો ન જ કહેવાય.... સમજ્યો ? ! ત્રણેક કલાકનો રસ્તો માંડ હશે..."

ને.... વિસાવદરનું નામ યાદ આવતાંની સાથે જ દામાની આંખમાંથી એકાએક આંસુ ટપકવા શરૂ થયા. આમ અચાનક જ દામાને રડતો જોઈ રણમલે તરત જ પૂછયું : "તું તે કેવો છે ? આમ વાતો કરતાં કરતાં અચાનક જ રડવા લાગ્યો ? તને કંઈ થાય છે...? " (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.●

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ત્રણ આતંકીઓને ઠાર મારતું સુરક્ષા દળ

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨

જમ્મુ અને કાશ્મીરના કુલગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. આ ઓપરેશનમાં સુરક્ષા દળોએ ૩ આતંકવાદીઓને ઠાર માર્યા છે. સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે આ અથડામણ શુક્રવારે કુલગામ જિલ્લામાં શરૂ થઈ. પોલીસે આ માહિતી આપી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે



દક્ષિણ કાશ્મીરના અખાલ જિલ્લાના જંગલ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. તેમણે કહ્યું કે છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યા બાદ સર્ચ ઓપરેશન અથડામણમાં ફેરવાઈ ગયું, ત્યારબાદ સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી. અધિકારીએ કહ્યું કે ઘેરાબંધી મજબૂત કરવામાં આવી છે અને વધારાના સુરક્ષા દળોને વિસ્તારમાં મોકલવામાં આવ્યા છે. ૩૦ જુલાઈના રોજ, જમ્મુ અને કાશ્મીરના પૂંચમાં આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. સેનાના જવાનોએ બે સશસ્ત્ર આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

# આજે પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવીયા ભાવનગર જિલ્લાના પ્રવાસે

અમરેલી,તા.૦૨

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવીયા આજે રવિવારે ભાવનગર જિલ્લાના પ્રવાસે આવશે. આ પ્રવાસ દરમિયાન કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે સવારે ૧૦ વાગ્યે ભાવનગર ટર્મિનસ ખાતે ભાવનગર-અયોધ્યા સાપ્તાહિક





ટ્રેનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ બપોરે ૧૧ વાગ્યે તેઓ નવાગામ, ભાવનગર ખાતે આવેલ કન્ટેનર મેન્યુફેક્ચર યાર્ડની મુલાકાત કરશે. બપોરે ૧૨ વાગ્યે તેઓ વેપારી મહાજનો દ્વારા આયોજિત વિકસિત ભારત સંવાદ કાર્યક્રમમાં હાજર રહેશે. મનસુખ માંડવીયા બપોરે ૩:૦૦ વાગ્યે વૈષ્ણવ સમાજના સ્નેહમિલન સમરોહમાં કેન્દ્રિય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે હાજર રહેશે.

**કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ પણ સાથે રહેશે**

# બિહાર પછી હવે બંગાળમાં અંધાધૂંધી સર્જાશે, મતદાર યાદી સુધારણાની શક્યતા

કોલકતા,તા.૨

બિહારમાં મતદાર યાદી સુધારણા અંગે ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવી રહેલા ખાસ સઘન સુધારણા એટલે કે એસઆઈઆર અભિયાન અંગેના વિવાદો પછી, હવે તેની અસર પશ્ચિમ બંગાળમાં પણ જોવા મળી શકે છે. હકીકતમાં, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલે શુક્રવારે તમામ રાજકીય પક્ષોને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં, તેમણે શક્ય તેટલી વહેલી તકે તેમના સંબંધિત બૂથ લેવલ એજન્ટોની યાદી મોકલવા કહ્યું છે, જેથી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા શક્ય તેટલી વહેલી તકે શરૂ કરી શકાય. તમને જણાવી દઈએ કે મુખ્ય ચૂંટણી અધિકારીનો આ નિર્દેશ એવા સમયે આવ્યો છે જ્યારે રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે અને ચૂંટણી તૈયારીઓને લઈને રાજકીય ઉથલપાથલ તેજ થઈ ગઈ છે.

# જમ્મુ કાશ્મીરમાં વાહન પર ભૂસ્ખલન થતાં એસડીએમ અને તેના પુત્રનું મોત, પત્ની ગંભીર

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૨

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં ભૂસ્ખલનની ઘટના પ્રકાશમાં આવી છે. એક વાહન પર ટેકરી પરથી પથ્થર પડતાં સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ રાજિન્દર સિંહ રાણા અને તેમના પુત્રનું મોત થયું હતું. તેમની પત્ની અને બે અન્ય ઘાયલ થયા છે. સલુખ ઈક્ષાર નાલા વિસ્તારમાં આ ભૂસ્ખલનની ઘટના બની હતી જ્યારે રાજિન્દર સિંહ



રાણા તેમના પરિવાર સાથે ધર્મારીથી તેમના વતન ગામ પટિયા જઈ રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂસ્ખલનને કારણે એક મોટો પથ્થર વાહન પર અથડાયો હતો, જેમાં જમ્મુ અને કાશ્મીર વહીવટી સેવા અધિકારી રાણા અને તેમના પુત્રનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ, ગંભીર રીતે ઘાયલોને રિયાસીની જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. ૨૦૧૧ બેચના અધિકારી રાણા રામનગર SDM તરીકે તૈનાત હતા. અગાઉ, પૂર્વી લદ્દાખમાં સૈન્ય વાહન પર ખડક પરથી પથ્થર પડતાં બે સૈન્ય કર્મચારીઓના મોત થયા હતા.

# હિમાચલ પ્રદેશમાં મલાના હાઈડ્રો પાવર પ્રોજેક્ટનો ડેમ તૂટતા અનેક વાહનો તણાયા

શિમલા,તા.૨

હિમાચલ પ્રદેશમાં સતત વરસાદ અને નદીઓમાં વધતા પાણીના સ્તરને કારણે પૂર આવ્યું છે. આસપાસના વિસ્તારો પણ હવે જોખમમાં છે. પાર્વતી ખીણમાંથી કેટલાક કામચલાઉ પુલ ધોવાઈ ગયા હોવાની માહિતી પણ પ્રકાશમાં આવી છે. હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં મલાના-૧ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ દ્વારા બનાવવામાં આવેલ કોફર ડેમ અચાનક પૂર (કુલ્લુ ડેમ બ્રેક) ને કારણે આંશિક રીતે તૂટી ગયો હતો, જેના કારણે નીચલા વિસ્તારોમાં ગભરાટ ફેલાયો હતો. ડેમ તૂટવાનો એક નવો વીડિયો સામે આવ્યો છે, જે ખૂબ જ ભયાનક છે. ડેમ તૂટવાને કારણે, એક હાઈડ્રા, એક ડમ્પર, એક રોક બ્રેકર અને એક કેમ્પર અથવા કાર વહી ગઈ છે. સદનસીબે, આ ઘટનામાં કોઈને પણ નુકસાન થયું નથી. તમને જણાવી દઈએ કે સતત વરસાદ અને અચાનક પૂરને કારણે, પાર્વતી નદીના પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે પૂર આવ્યું છે.

# આસામ, મેઘાલય અને ઉત્તર બંગાળમાં તોફાન સાથે ભારે વરસાદની આગાહી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨

હવામાન વિભાગે બિહાર સહિત ઘણા રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. આસામ, મેઘાલય અને ઉત્તર બંગાળમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સ્થળોએ તોફાન અને અત્યંત ભારે વરસાદની ચેતવણી છે. તે જ સમયે, બિહાર અને અરુણાચલ પ્રદેશમાં વરસાદ અને તોફાન અંગે ઓરેન્જ એલર્ટ



જારી કરવામાં આવ્યું છે. તે જ સમયે, દિલ્હીમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. દેશના પૂર્વીય રાજ્યો જેમ કે જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં વરસાદને લઈને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જોકે, દેશના પશ્ચિમી ભાગોમાં હવામાન સામાન્ય રહેવાની ધારણા છે. ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ૨૪ કલાકમાં પૂરની ચેતવણી જારી કરી છે. દહેરાદૂન સહિત પૌરી, ટિહરી, રુદ્રપ્રયાગ, નૈનિતાલ અને બાગેશ્વર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# આજે લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા નાગનાથ મંદિરથી ભોજલધામ ફતેપુર સુધી પદયાત્રા

અમરેલી,તા.૦૨

**લેઉવા પટેલ સમાજના આગેવાનોને હાજર રહેવા અનુરોધ કરાયો**

શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંત ભોજલરામ બાપાના સાનિધ્યમાં સર્વ સમાજના કલ્યાણ અર્થે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નાગનાથ મહાદેવ અમરેલી થી ભોજલધામ ફતેપુર સુધીની પદયાત્રાનું આયોજન થનાર છે. આ પદયાત્રામાં લેઉવા પટેલ સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો, અમરેલી લોહાણા સમાજનાં આગેવાનો જોડાશે અને સમગ્ર પદયાત્રા દરમ્યાન યાત્રાનાં રૂટમાં આવતા દેવસ્થાનો અને મહાપુરુષોની પ્રતિમાઓ જેવા કે નાગનાથ મહાદેવના ચરણોમાં શીશ નમાવી સર્વ સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરી ભોજલરામ બાપાની ડેરીએ તેમના આશીર્વાદ લઈને, સંત શ્રી મૂળદાસ બાપાની પ્રતિમા, ડો. જીવરાજ મહેતાની પ્રતિમા, શહીદ સ્મારક, ભીડભંજન મહાદેવના દર્શન કરી, સંત શ્રી જલારામ બાપાના મંદિરે શીશ નમાવી, હીરામોતી ચોક ખાતે નાગેશ્વર મહાદેવને શીશ નામાવીને, સરદાર ચોક ખાતે બજરંગદાસ બાપાનો ઓટો, હીરામોતી ચોક ખાતે દર્શન કરીને આ યાત્રા ઠેર ઠેર સ્વાગત સ્વીકારીને સાંજે સાત વાગ્યે ભોજલધામ ફતેપુર પહોંચશે. ત્યાં ભોજલરામ બાપાના મંદિરે ધજારોહણ કરીને મહાઆરતીના દર્શન કરીને ભોજનપ્રસાદ લઈને આ પદયાત્રા સમાપન થશે. આ સમગ્ર પદયાત્રાની તડામાર તૈયારીઓ થઈ ગઈ છે તો લેઉવા પટેલ સમાજને આ પદયાત્રામાં બહોળી સંખ્યામાં જોડાવા માટે ટ્રસ્ટનાં પ્રમુખ ડી.કે. રૈયાણીએ અનુરોધ કર્યો છે.

# ગીરગઢડામાં ગંદકીના ગંજથી રોગચાળો ફાટી નીકળવાની ભીતિ

ઉના, તા.૦૨

ગીરગઢડા ગામમાં છેલ્લા ૧૦ થી વધુ દિવસથી રહેણાંક વિસ્તારોમાં જ્યાં ત્યાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જેથી આ વિસ્તારમાં રહેતા રહીશોને આરોગ્ય પર ગંભીર અસર થઈ રહી છે. આ વિસ્તારમાં કચરા કલેક્શનના ટ્રેક્ટર આવતા હતા તે પણ બંધ થઈ ગયા હોવાથી લોકોના આરોગ્ય પર ગંભીર અસર થવાનો ભય જોવા મળી રહ્યો છે. અહીં ભયંકર રોગચાળો ફેલાય તે પહેલા ગ્રામ પંચાયત દ્વારા



તસવીર : કૈલાસ ભટ્ટ

તાત્કાલિક ગંદકીને દૂર કરવામાં આવે તેવી રહીશોની માંગ ઉઠવા પામી હતી. જોકે ચોમાસા દરમિયાન આટલી બધી ગંદકી થતી હોવા છતાં પણ ગીરગઢડા ગ્રામ પંચાયત ગંભીરતા લેતી નથી અને આ ગ્રામ પંચાયત મૂક પ્રેક્ષક બની જોઈ રહી છે.

# ગુજરાત ભાજપના નવા પ્રમુખની જાહેરાત આવતા અઠવાડિયે થાય તેવી શક્યતા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨

ભાજપના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ હશે? અત્યાર સુધી આ પ્રશ્નનો જવાબ બાકી છે પણ ગુજરાત ભાજપના નવા પ્રમુખ કોણ હશે તેનો જવાબ આવતા અઠવાડિયે મળી શકે છે. સૂત્રોનું માનીએ તો, ભાજપ આગામી અઠવાડિયે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના ઉત્તરાધિકારી નક્કી કરી શકે છે. ભાજપના નવા પ્રદેશ પ્રમુખ માટે જરૂરી ચૂંટણી પ્રક્રિયા આવતા અઠવાડિયે થવાની ધારણા છે. ગયા મહિને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે પ્રદેશ પ્રમુખ તરીકે પાંચ વર્ષ પૂર્ણ કર્યા. ગુજરાતમાં કોંગ્રેસે શક્તિસિંહ ગોહિલના રાજીનામા બાદ ઓબીસી ચહેરા અમિત ચાવડા પર દાવ લગાવ્યો છે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ભાજપ પણ પોતાના નિર્ણયથી આશ્ચર્યચકિત કરી શકે છે. ગુજરાત ભાજપના નવા પ્રમુખ માટે ઘણા નામોની ચર્ચા થઈ રહી છે.

# રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવા બની આશીર્વાદરૂપ

ગાંધીનગર,તા.૦૨

ગુજરાતમાં ૧૦૮ ઈમરજન્સી સેવા, જેની શરૂઆત ૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી, તે આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ બની ગઈ છે. આ સેવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના દરેક ખૂણામાં ૨૪x૭ વિનામૂલ્યે ઉપલબ્ધ છે, જે કરોડો નાગરિકો માટે આશીર્વાદરૂપ છે. જૂન ૨૦૨૫ સુધીમાં, ૧૦૮ એ ૧.૭૯ કરોડથી વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કર્યા છે, જેમાં ૫૮.૩૮ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત અને ૨૧.૭૭ લાખથી વધુ માર્ગ અકસ્માતના કિસ્સાઓનો સમાવેશ થાય છે. આ ટીમે ૧૭ લાખથી વધુ લોકોના જીવ બચાવ્યા છે અને એમ્બ્યુલન્સ તેમજ સ્થળ પર કુલ ૧.૫૨ લાખથી વધુ સફળ પ્રસૂતિઓ કરાવી છે. ૧૦૮ ઉપરાંત, અન્ય ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ છે. સપ્ટેમ્બર ૨૦૧૨થી કાર્યરત ખિલખિલાટ વાનનો ૧.૨૭ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. તેવી જ રીતે, ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ૧૬.૪૧ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૩.૨૭ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર મદદ કરવામાં આવી છે.

# કોડીનાર ડેપો દ્વારા ઊના-જૂનાગઢ બસ સેવાનો ફરી પ્રારંભ

કોડીનાર,તા.૦૨

અમરેલી વિભાગના કોડીનાર ડેપો દ્વારા સંચાલિત ઊના-જૂનાગઢ વાયા વેરાવળ બસ સેવા સ્ટાફની અછતને કારણે બંધ હતી. હવે કોડીનાર ડેપોમાં કંડક્ટરની ખાલી જગ્યાઓ ભરાઈ જતાં, વિભાગીય નિયામક સોલંકીના આદેશથી કોડીનાર તાલુકાની જનતાની માંગણી મુજબ આ બસ સેવા ફરીથી શરૂ કરવામાં આવી છે. આ બસ કોડીનારથી તાલાળા, સાસણ અને મેંદરડા થઈને જૂનાગઢ સુધી જશે. બસના સમયપત્રક અનુસાર કોડીનારથી બસ સાંજે ૪:૦૦ વાગ્યે ઉપડીને પ્રાચી, તાલાળા, સાસણ અને મેંદરડા થઈને સાંજે ૭:૩૦ વાગ્યે જૂનાગઢ પહોંચશે. જ્યારે જૂનાગઢથી આ બસ બીજા દિવસે સવારે ૬:૧૦ વાગ્યે ઉપડી એ જ રૂટ પરથી સવારે ૧૦:૪૫ વાગ્યે ઊના પહોંચશે. આ બસ સેવા શરૂ થવાથી કોડીનારથી તાલાળા તરફ જવા માટે બપોર પછી કોઈ બસ ન મળવાની સમસ્યાનો અંત આવ્યો છે, જે મુસાફરો માટે મોટી રાહતરૂપ છે.

# ડોળાસા-કાણકિયા રસ્તો છેલ્લા ૨૦ વર્ષથી બિસ્માર હાલતમાં : ગ્રામજનો ત્રાહિમામ

કોડીનાર, તા.૦૨

કોડીનાર તાલુકાના ડોળાસા અને ગીરગઢડા તાલુકાના કાણકિયા ગામને જોડતો રસ્તો છેલ્લા ૨૦ વર્ષથી અત્યંત બિસ્માર હાલતમાં છે. આ રસ્તાને પેવરથી મઢવા માટે બંને ગામની ગ્રામ પંચાયતો અને આગેવાનો દ્વારા છેલ્લા બે દાયકાથી વારંવાર રજૂઆતો કરવામાં આવી રહી છે, છતાં આ પ્રશ્નનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ડોળાસા અને કાણકિયા ગામ વચ્ચેનું અંતર માત્ર ૪ કિલોમીટર છે, પરંતુ રસ્તો ખરાબ હોવાને કારણે લોકોને સીમાસી ગામ થઈને ૯ કિલોમીટરનો



લાંબો ફેરો ફરવાની ફરજ પડે છે. આ રસ્તાનું મેટલકામ ૨૦ વર્ષ પહેલાં પૂર્ણ થયું હતું, પરંતુ ત્યારથી આ રોડ જાણે સરકારી ચોપડેથી ગાયબ થઈ ગયો હોય તેવી સ્થિતિ છે. આ સમયગાળામાં અનેક નવા રસ્તાઓ ડામરથી મઢાઈ ગયા છે, પરંતુ ડોળાસા-કાણકિયા રોડ હજુ પણ સરકારી કૃપા દૃષ્ટિની રાહ જોઈ રહ્યો છે. જો આ રસ્તો પેવર રોડ બને તો ડોળાસા, કાણકિયા ઉપરાંત કણેરી, આંબાવડ અને ધ્રાબાવડ ગામોના લોકોને પણ લાભ થશે. આ રસ્તો કોડીનાર અને ગીરગઢડા તાલુકાને જોડતો એક અત્યંત મહત્વપૂર્ણ માર્ગ સાબિત થઈ શકે છે. આ બાબતે સંબંધિત અધિકારીઓ અને કોડીનારના ધારાસભ્ય ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાને પણ રજૂઆત કરી આ રસ્તાનો તાત્કાલિક ઉદ્ધાર કરવા માટે માંગ કરવામાં આવી છે.

**CHANGE OF NAME**

I Undersigh I SANGHANI RAJESH NATHABHAI have changed my name from SANGHANI RAJESHKUMAR NATHABHAI To SANGHANI RAJESH NATHABHAI Now i will be known as SANGHANI RAJESH NATHABHAI
Sigh : SANGHANI RAJESH NATHABHAI
Address: MALILA, AT-MALILA
DIST-AMRELI 365630

**CHANGE OF NAME**

I Undersigh I SANGHANI NATHABHAI JADAVBHAI have changed my name from SANGHANI NATHABHAI JIVABHAI To SANGHANI NATHABHAI JADAVBHAI Now i will be known as SANGHANI NATHABHAI JADAVBHAI
Sigh : SANGHANI NATHABHAI JADAVBHAI
Address: MALILA, AT-MALILA
DIST-AMRELI 365630

# વડોદરામાં ગંભીરા બ્રિજની તપાસ માટે એસીબી દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી

(એચ.એસ.એલ),વડોદરા,તા.૨



વડોદરામાં ગંભીરા બ્રિજ અકસ્માતમાં બેદરકારી દાખવનારા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓની મિલકતની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગના ૪ સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓ અને ૧ નિવૃત્ત અધિકારીની મિલકતની પણ તપાસ કરવામાં આવશે. સરકારે એસીબીને તપાસ કરવાની મંજૂરી આપીને એક ખાસ તપાસ ટીમની રચના કરી છે. એસઆઈટી ટીમમાં મકરંદ ચૌહાણ સહિત ૬ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગંભીરા બ્રિજ અકસ્માતમાં ૨૧ લોકોના મોત બાદ અધિકારીઓની તપાસ શરૂ થઈ ગઈ છે. એસીબી સમક્ષ અધિકારીઓના નિવેદનો નોંધવામાં આવ્યા છે. સહાયક ઈજનેર જે.વી. શાહ એસીબી સમક્ષ હાજર થયા હતા. ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર્સ યુ.સી. પટેલ અને આર.ટી. પટેલના નિવેદનો નોંધવામાં આવ્યા છે. અધિકારીઓની મિલકત અને આવક-ખર્ચની વિગતો મેળવવામાં આવશે. મિલકતની તપાસ અને નિવેદનો નોંધવાનું કામ શરૂ થઈ ગયું છે. એક્ઝિક્યુટિવ એન્જિનિયર એન.એમ. નાયકવાલાની પૂછપરછ માટે સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

# ગયા વર્ષની સરખામણીમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ પડ્યો

ગાંધીનગર,તા.૦૨



ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમનને દોઢ મહિનો વીતી ગયો છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં વરસાદે ધમાકેદાર બેટિંગ કરી છે. આ સાથે જ ૧ ઓગસ્ટ સુધીમાં સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં સરેરાશ ૧૭ ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે કચ્છમાં ૧૨ ઈંચ વરસાદ પડ્યો છે. હાલમાં મોટાભાગના જિલ્લામાં વાદળછાયું વાતાવરણ છે. આ વર્ષે ૧ ઓગસ્ટ સુધીમાં છેલ્લા ૧૧ વર્ષના સરેરાશ વરસાદ કરતાં ઓછો વરસાદ પડ્યો છે. જોકે, ચોમાસાની વિદાયને હજુ ઘણો સમય બાકી છે, તેથી આ ખાધ પૂરી થવાની શક્યતા છે. આ વર્ષે ગયા વર્ષ કરતાં ઓછો વરસાદ પડ્યો છે, પરંતુ ગયા વર્ષની સરખામણીમાં સૌરાષ્ટ્ર-કચ્છના ડેમોમાં પાણીનો સંગ્રહ વધ્યો છે. છેલ્લા ૧૧ વર્ષમાં ૧ ઓગસ્ટ સુધીમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં સરેરાશ કરતાં ઓછો વરસાદ પડ્યો છે. આ વર્ષે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં સરેરાશ ૧૬ ઈંચ અને કચ્છમાં ૧૨ ઈંચ વરસાદ પડ્યો છે. અગાઉ ૨૦૧૬ માં ૧ ઓગસ્ટ સુધીમાં સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૯ ઈંચ અને કચ્છમાં ૨ ઈંચ વરસાદ પડ્યો હતો.

# લેટ નાઈટ પાર્ટીમાં જવું રેપને આમંત્રણ અમદાવાદ શહેરમાં પોસ્ટરો લાગતા વિવાદ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨

અમદાવાદમાં મહિલાઓ પરના પોસ્ટરને કારણે મોટો વિવાદ પેદા થયો છે. પોસ્ટરમાં મહિલાઓને લેટ નાઈટ પાર્ટીઓથી દૂર રહેવાની સલાહ અપાઈ હતી. ’લેટ નાઈટ પાર્ટીમાં જવું રેપ કે ગેંગરેપને આમંત્રણ આપી શકે છે’, મહિલાઓને વિવાદાસ્પદ સલાહ આપતાં પોસ્ટર અમદાવાદમાં લાગતાં હોબાળો મચ્યો હતો. હવે આ વિવાદાસ્પદ પોસ્ટરમાં મોટા ખુલાસા સામે આવ્યાં છે. હકીકતમાં અમદાવાદ પોલીસે જનજાગૃતિ માટે વસ્ત્રાપુર, ઘાટલોડિયા, બોડકદેવ સહિતના વિસ્તારોમાં ચાર રસ્તા પર આવા પોસ્ટર લગાવ્યાં હતા. વાહનચાલકો અને રાહદારીઓ પણ આવા પોસ્ટર જોઈને હેરતમાં મૂકાયા હતા. પહેલા પોસ્ટરમાં એવું લખાયું હતું લેટ નાઈટ પાર્ટીઓમાં જવું રેપ કે ગેંગરેપને આમંત્રણ આપી શકે છે. બીજા એક પોસ્ટરમાં લખ્યું હતું કે, ’મહિલાઓએ અંધારા અને નિર્જન વિસ્તારોમાં ન જવું જોઈએ, તમારી સાથે બળાત્કાર અથવા સામૂહિક બળાત્કાર થઈ શકે છે.’

# ડિજિટલ એરેસ્ટ કરી રૂપિયા ખંખેરતી ગેંગના ૮ શખ્સોને ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલે ઝડપી લીધા

અમદાવાદ,તા.૨



ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમે ડિજિટલ એરેસ્ટ કરી રૂપિયા પડાવતી ગેંગના ૮ શખ્સોને ઝડપી લીધા છે. આ અંગે સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આરોપીઓએ ડિજિટલ એરેસ્ટની નવી મોડસ ઓપરેન્ડી અજમાવી હતી. જેમાં ફરિયાદીને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન, પબ્લિક પ્રોસીક્યુટર અને નોટરી ઓફિસર જેવી ખોટી ઓળખ આપીને મની લોન્ડરિંગના કેસમાં સંડોવણી હોવાનું કહીને ધમકી આપી હતી. બાદમાં ફરિયાદીને ડિજિટલ એરેસ્ટ કરેલ હોવાનું કહીને અલગ અલગ ખાતાઓમાં રૂ.૧૯,૨૪,૪૧,૫૪૧ જમા કરાવીને છેતરપિંડી કરી હતી. સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા બેંક ખાતાઓ પ્રોવાઈડ કરાવી પોતાના બેંક ખાતાઓમાં રૂપિયા ટ્રાન્સફર કરાવી સેલ્ફ ચેક મારફતે નાણા ઉપાડી લીધા હોવાનું તપાસમાં જણાયું હતું.

આથી પોલીસે ત્રણ અલગ અલગ ટીમ બનાવીને આ કેસમાં આઠ શખ્સોની ધરપકડ કરી હતી.

# મોંઘવારીનો ડામ : ૬ મહિના બાદ અદાણીએ વધાર્યા સીએનજી ગેસના ભાવ, નવો ભાવ આજથી લાગુ

અમદાવાદ,તા.૨

અદાણીએ છ મહિના બાદ સીએનજી ગેસના ભાવમાં વધારો ઝીંક્યો છે. અદાણી સીએનજી કંપની દ્વારા ગેસના ભાવમાં વધારાની જાહેરાત કરાઈ છે. સીએનજી ગેસમાં ૧ રૂપિયાનો વધારો કરાયો છે. હવે અમદાવાદમાં સીએનજી ૮૨.૩૮ રૂપિયામાં મળશે. ગુજરાતમાં સીએનજીના ભાવ આસમાને પહોંચી રહ્યાં છે. અદાણી દ્વારા જાન્યુઆરી મહિનામાં સીએનજીના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો વધારો કરાયો હતો. ત્યારે છ મહિના બાદ ફરીથી સીએનજી ગેસમાં વધારાની જાહેરાત કરવામાં આવી છે. આજે અદાણીએ સીએનજી ગેસમાં ૧ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથે નવો ભાવ ૮૨.૩૮ રૂપિયા થયો છે. જે આજથી લાગુ થશે. જયારે જયારે ભાવ વધારો થયો છે તે અનુસાર ૧ જુલાઈ, ૨૦૨૩ - ૧૫ પૈસાનો વધારો, ૬ જુલાઈ, ૨૦૨૩ - ૩૦ પૈસાનો વધારો, ૧૬ જુલાઈ, ૨૦૨૩ - ૧૫ પૈસાનો વધારો, ૧ ઓગસ્ટ, ૨૦૨૩ - ૧૫ પૈસાનો વધારો, ૨૦૨૫ - ૧ રૂપિયાનો વધારો દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ જનતાની કમર તોડી નાખી છે.

# જસદણમાં કપાસીયા અને એરંડા તેલના નમૂના નિષ્ફળ જતા અધિક કલેક્ટર દ્વારા રૂ.૧૦ લાખનો દંડ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨




રાજકોટના જસદણમાં ફૂડ વિભાગે સપાટો બોલાવ્યો છે. ઓઈલ ઈન્ડસ્ટ્રીઝમાંથી લેવામાં આવેલા કપાસિયા અને એરંડા તેલના નમૂના નિષ્ફળ ગયા બાદ હરિકૃષ્ણ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ કિસ્સામાં, ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના તેલના નમૂના નિષ્ફળ જવા પર ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ હરેકૃષ્ણ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના તેલના નમૂના નિષ્ફળ ગયા છે. થોડા દિવસો પહેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કપાસિયા અને એરંડા તેલના બે નમૂના લેવામાં આવ્યા હતા. નમૂના નિષ્ફળ જવા પર રાજકોટના અધિક કલેક્ટર દ્વારા ૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આગામી દિવસોમાં તહેવારો આવી રહ્યા છે. તહેવારો અંગે ફૂડ વિભાગ એક્શનમાં આવ્યો છે.

# રાજકોટમાં સ્વ.વિજય રૂપાણીના જન્મદિવસની ઉજવણી, પાંજરાપોળમાં ગૌમાતાને ૫૬ ભોગ અર્પણ

રાજકોટ,તા.૨



રાજકોટ શહેરમાં ગૌસેવા અને ધાર્મિક ભાવનાઓને સમર્પિત એક ભવ્ય અને ભાવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ.પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ૨ ઓગસ્ટ ૨૦૨૫ના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ શહેરની જાણીતી સંસ્થા “જૈન વિઝન” દ્વારા પાંજરાપોળ ખાતે ગૌસેવા પ્રકલ્પ અંતર્ગત ગૌમાતાને ૫૬ ભોગ ધરાવવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગૌમાતાની વિશેષ પૂજા-અર્ચના, આરતી અને ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ૫૬ પ્રકારના ભોજન અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વ. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પુત્ર વૃષભ રૂપાણી, જૈન વિઝનના પ્રમુખ, જૈન સમાજના આગેવાનો, સેવાભાવી કાર્યકર્તાઓ અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આબુમાં અમદાવાદના યુવકનું સેલ્ફી લેવાના ચક્કરમાં ૩૦૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકતા મોત

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨



રાજસ્થાનના માઉન્ટ આબુમાં સેલ્ફીના ચક્કરમાં અમદાવાદના એક યુવકે જીવ ગુમાવ્યો છે. હનુમાન મંદિર પાસે રોડની સુરક્ષા દીવાલ પર સેલ્ફી લેતાં ઊંડી ખીણમાં યુવક પડ્યો હતો. ૩૦૦ ફૂટ જેટલી ઊંડી ખીણમાં પડતા યુવકનું મોત નિપજ્યું હતું. અમદાવાદના ત્રણ યુવકો માઉન્ટ આબુ ફરવા ગયા હતા. માઉન્ટ આબુ આરના હનુમાન મંદિર પાસેના માઉન્ટ આબુ-આબુરોડ માર્ગ ઉપર રોડની સુરક્ષા દીવાલ ઉપર સેલ્ફી લેતા સમયે એક યુવક ઊંડી ખાઈમાં પડ્યો હતો. ૨૫૦ થી ૩૦૦ ફૂટ જેટલી ઊંડી ખીણમાં યુવક પડી જતા યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેનું મોત નિપજ્યું હતું. પોલીસ અને રેસ્ક્યુ ટીમ દ્વારા યુવકને ખીણમાંથી બહાર કાઢી હોસ્પિટલમાં લઈ જતા તેને ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

# ૧૧ ઓગષ્ટથી ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દોડાવવાનો નિર્ણય

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૨



રેલવે વહીવટીતંત્રે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી દર સોમવારે પશ્ચિમ રેલવેના ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ભગવાન શ્રી રામના શહેર અયોધ્યા સુધી ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ એક્સપ્રેસ ટ્રેનની વિગતવાર વિગતો નીચે મુજબ છે. ૩ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ એક્સપ્રેસ અને રેવા-પુણે અને જબલપુર-રાયપુર એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી ઉદ્‌ઘાટન કરશે. રેલવે વહીવટીતંત્રે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી દર સોમવારે પશ્ચિમ રેલવેના ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ભગવાન શ્રી રામના શહેર અયોધ્યા સુધી ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે.

# સરકારી અનાજમાં કાળાબજારીનાં આક્ષેપ સાથે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાનો પોલીસ સ્ટેશને ઘેરાવ

જૂનાગઢ,તા,૨



આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મનરેગામાં ચાલતા ભ્રષ્ટાચાર બાદ હવે સરકારી અનાજમાં થઈ રહેલી કાળાબજારીનો મુદ્દો ઉપાડ્યો છે. ત્યારે તેમણે અનાજ માફિયાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે પોલીસ સ્ટેશન બહાર મોરચો માંડ્યો છે. સરકારી અનાજના થઈ રહેલા કાળાબજાર મામલે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વિસાવદર પોલીસ સ્ટેશને ૧ ઓગસ્ટના રોજ રાતે ધામા નાખ્યા હતા. ઈટાલિયાએ અનાજ માફિયાઓ સામે ગુનો નોંધવાની માગ કરી હતી. પરંતુ અનાજની ચોરીનો મામલો હોવાથી પુરવઠા વિભાગમાં ફરિયાદ કરવા જણાવ્યું. જેના બાદથી માહોલ ગરમાયો છે. આ દરમિયાન મહિલા PSI અને ગોપાલ ઈટાલિયા વચ્ચે શાબ્દિક ચકમક પણ થઈ હતી. ગોપાલ ઈટાલિયાએ સોશિયલ મીડિયા પર આક્ષેપ કરતા કહ્યું કે, વિસાવદરમાં કરોડોના અનાજની ચોરી થઈ છે. સરકાર તરફથી જૂન અને જુલાઈ મહિનાનું ભેગું અનાજ આપવામાં આવ્યું હતું પરંતુ વિસાવદર અને ભેસાણના અનાજ માફિયાઓએ ગરીબોના બંને મહિનાના સાથે અંગુઠા લઈને થોડુંક અનાજ આપીને બાકીનું અનાજ બારોબાર સગેવગે કરી નાખ્યું હતું. હું અત્યારે વિસાવદર પોલીસ સ્ટેશન છું. બપોરના અગિયાર વાગ્યાથી અનાજ માફિયાઓ વિરુદ્ધ એફઆઈઆર કરાવવા માટે રખડીએ છીએ પરંતુ અત્યાર સુધી પોલીસે બહાના કાઢ્યા અને હવે ઈન્સ્પેક્ટર રોહિત તેમજ ઈન્સ્પેક્ટર સોનારા મેડમે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, અમને એફઆઈઆર કરવાની ઉપરથી સ્પષ્ટ મનાઈ છે.

# સુરતમાં સામૂહિક આપઘાત કરનાર શિક્ષક કેસમાં પોલીસે મૃતકની પત્ની-પ્રેમીની ધરપકડ કરી

(એચ.એસ.એલ),સુરત,તા.૨

સુરતમાં ગઈકાલે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી, જ્યાં પત્નીના કથિત અફેરથી કંટાળીને એક શિક્ષકે પોતાના બે માસૂમ બાળકોને ઝેરી દવા પીવડાવી હત્યા કરી અને બાદમાં પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસને ઘટનાસ્થળેથી એક ડાયરી મળી આવી છે, જેમાં અલ્પેશની પત્ની ફાલ્ગુનીનું નરેશ રાઠોડ નામના વ્યક્તિ સાથે અફેર હોવાનો ઉલ્લેખ કરાયો છે. પોલીસે મૃતકની પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.








